
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશનઃ દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૯૭ ● મે, ૨૦૧૫



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧




૧. ભુજ મંદિર પાટોત્સવ પ્રસંગે મેડિકલ કેમ્પમાં આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા કેમ્પમાં આવેલ એક વૃધ્ધ હરિભક્તને સાંત્વન આપતા પૂ.મોટા મહારાજશ્રી સાથે ભુજના મહંત સ્વામી. ૨. મેડિકલ કેમ્પ માટે મંદિરમાં લાગેલી લાંબી કતાર અને લાભ લેતા લોકો. ૩.કેમ્પ પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે બ્રીટીશ ડે.હાઈ કમિશ્નર જોફ વેઈન. ૪.શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પોતાના પ્રાકટ્યદિન નિમિત્તે વૃક્ષારોપણ કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી.૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શાસ્ત્રીય સંગીત માણતા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.૬.કલોલ ખાતે શ્રી નરનારાયણદેવ તાબાની પી.એસ.એમ. હોસ્પિટલનું નિરિક્ષણ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૭.મેરાની મુવાડી (પંચમહાલ)મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા જેતલપુર તથા અંજલી મંદિરના સંતો.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૯ ● અંક : ૯૭

મે-૨૦૧૫

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શિક્ષાપત્રી સુદર્શન ચક્ર છે | ૬ |
| ૦૪. | દીપજ્યોતિર્નમોઽસ્તુ તે | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૯ |
| ૦૬. | પ્રસાદીના પત્રોનું આચમન | ૧૧ |
| ૦૭. | “એ લટકું હજી પણ મને વિસરાયું નથી !” | ૧૬ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૦ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૩ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૭ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૮ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

પરમાત્માની અકળ લીલાને કોઈ પાર પામી શકતું નથી. ભગવાન એક આંખનું મટકું મારે ને અનેક બ્રહ્માંડ ડોલવા માંડે. એવા આપણા સર્વોપરી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અનંત કોટી બ્રહ્માંડોના અધિપતિ છે. ભગવાન પોતાના ભક્તોની સદાય સહાય કરે છે. ગમે તેવી કુદરતી આપદામાં ભગવાન પોતાના ભક્તને ઉગારી લે છે.

વિશ્વના દેશોમાં એક માત્ર હિન્દુરાષ્ટ્ર વાળો દેશ નેપાળ હતો. ૨૦૦૮ થી સર્વ ભૌમ રાષ્ટ્ર બન્યું છે. આપણા દેશને અડીને આવેલો છે. અહીં મુક્તિનાથ ભગવાનના પુલ્હાશ્રમ તીર્થમાં આપણા ઈષ્ટદેવ પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી નિલકંઠ વર્ણી રૂપે હાડ થીજી જાય તેવી ઠંડીમાં એક કોપીન પહેરીને ઉગ્ર તપ કર્યું હતું. આ નાનકડા નેપાળ દેશને તા. ૨૫-૪-૨૦૧૫ ના સવારના ૧૧-૩૦ કલાકે ૭.૯ ના ધરતી કંપના આંચકાએ ખેદાન મેદાન, હતું નહોતું કરી દીધું, આપણા ગુજરાતના અનેક લોકો ત્યાં દર્શને ગયેલા તેઓ સહી સલામત આવી ગયા.

આપણા દેશ તરફથી અને સમગ્ર ભારતની પ્રજાએ નેપાળની પ્રજા માટે યેનકેન પ્રકારે અનેક પ્રકારની સહાયનો ધોધ વહેવડાવ્યો છે. હજુ પણ ત્યાં આફટર શોક ચાલું છે. હજારો લોકો મૃત્યુ પામ્યા છે. અનેક લોકોએ પરિવાર અને ઘર ગુમાવ્યા છે. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ નેપાળનું જનજીવન રાબેતા મુજબનું થાય અને સૌનું દુઃખ હળવું થાય તે માટે પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી છે.

આપણે સૌ પણ નેપાળની પ્રજાના દુઃખમાં સહભાગી બનીએ એજ શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની




૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર વક્તાપુર પાટોત્સવ અને કથા પ્રસંગે પધરામણી.
સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ધરિયાવદ (રાજ.) દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૨ ભુજ (કચ્છ) પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પાટોત્સવ પ્રસંગે પધરામણી.


૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પધરામણી.

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ પધરામણી.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર અંબાલા (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર આનંદપુરા (ડાંગરવા) પધરામણી.

૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (ઈડર દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.



# શિક્ષાપત્રી સુદર્શન ચક્ર છે

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
(જેતલપુરધામ)

સર્વોપરિ સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામી સંસ્થાપિત શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાયમાં શિક્ષાપત્રી એ સર્વ માન્ય અને સર્વોપરિ શ્રેષ્ઠ ગ્રન્થ છે. આ નાનકડી રચનામાં મહાપ્રભુએ આ લોકમાં મનુષ્યોને અવશ્ય સંપાદન કરવા યોગ્ય ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની પરમ સિધ્ધિ મેળવવા સહેલામાં સહેલો ઉપાય પ્રતિપાદન કર્યો છે. સંવત ૧૮૮૨ મહાસુદ વસંત પંચમીના શુભ દિવસે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીનું સ્વહસ્તે લેખન કરીને જીવ માત્ર પર બહુંજ મોટી કરુણા કરી છે. એમાં સર્વ શાસ્ત્રોના સારનું સંદોહન ત્રણસોને પાંચઠ જેટલા જેમાં વેદ-પુરાણો-ઉપનિષદો ધર્મશાસ્ત્રો આદિનો સાર સંદોહન કરીને શ્રીહરિએ મુક્ત, મુમુક્ષુ અને પામર વિષયી તેમજ આશ્રિત - અનાશ્રિત એ દરેકના આલોક અને પરલોકના પરમ શ્રેયનું લક્ષ રાખીને પોતાની વાણી સ્વરૂપ નિજ સ્વરૂપ અપર સ્વરૂપ માનવ લોકમાં મહા દાન કરેલું છે. તથા નિજ આશ્રિત એવા સત્સંગીઓના રક્ષણ માટે ૨૧૨ ચક્ર વાળા સુદર્શનની મહાન અત્યંત અકલ્પનીય રાજીપાના પ્રતિક સ્વરૂપે ભેટ આપી છે. આ શિક્ષાપત્રી રૂપી સુદર્શન સત્સંગીઓનું સર્વત્ર સર્વદા અહોનિશ ચારેય દિશાઓમાં અમંગળ, અનિષ્ટ, કષ્ટો, અવિદ્યાઓ, અંધકારો, ત્રિવિધ તાપ, સંકટો, દૂષ્ટ તત્વો, મલીન વિદ્યાઓ, શત્રુઓના અંદર બહારના ઘાતથી, મારણ, ચાટક, મૂઢ, યમદૂતનો ભય, જન્મ મરણનું સંકટ, નરકચોરાશી જેવી યાતનાઓ, ભય, કુસંગ, કલેશ, રોગ, દરિદ્રતા, કુસંપ જેવા અનંત શત્રુ ભયથી અખંડ રક્ષા કરે છે. ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીને આશ્રિતોની રક્ષા કરવાની જવાબદારી સોંપી છે. કુલદેવ હનુમાનજી તો પ્રાર્થના કર્યા પછી આવે છે પણ શિક્ષાપત્રી તો સત્સંગીની અખંડ વગર કહે રક્ષણ કરે છે. શિક્ષાપત્રીના નિયમો પાલન કરનારને તો ક્યારેય કોઈપણ પ્રકારનું કષ્ટ આવતું જ નથી પરન્તુ શિક્ષાપત્રીનું નિત્ય સદાય પૂજન પાઠ પુરઃશ્ચરણ કરનારાને અને શિક્ષાપત્રીનું દાન કરનારાને પણ શિક્ષાપત્રી સ્વરૂપે સુદર્શન રક્ષા કરે છે.

ગીતા ભાગવત એ જેમ શ્રીકૃષ્ણ પરમાત્માનું આદર્શ સ્વરૂપ માનય છે. ભગવાન શ્રી કૃષ્ણે સ્વધામ ગમન સમયે કહ્યું કે હું શ્રીમદ્ ભાગવત સ્વરૂપે પ્રગટ રહ્યો છું. તે જ પ્રમાણે આ શિક્ષાપત્રી ભગવાન સ્વામિનારાયણના આદર્શ સ્વરૂપ આદર્શ રહસ્ય રૂપ અને બ્રહ્મધામના અવિછિન્ન સન્માર્ગરૂપ પોતાનો વાસ્તવિક અભિપ્રાય વિચાર સંદેશ સિધ્ધાંત જગતમાં સ્પષ્ટ કર્યો છે. માટે મુમુક્ષુજનોને પરમ કલ્યાણકારી સન્માર્ગ સાધવા સહાયરૂપે આવો ગ્રન્થ દુનિયાં ભરમાં બીજો નથી. લિખામી સહજાનંદ સ્વામી કહીને હું સ્વયં લખી રહ્યો છું એવી સ્પષ્ટ ખાત્રી પણ આપી દીધી છે. જે આજે કે ભવિષ્યમાં અન્ય અર્થઘટન કોઈ કરે નહિ. શિક્ષાપત્રીમાં લખાયેલી આજ્ઞાઓ વિષે આ લેખમાં ચર્ચા કરવી નથી. પરન્તુ માત્ર શિક્ષાપત્રીનો આદર આદર્શ માનવા પૂજવાથી કેટલી બધી પ્રાપ્તિઓ મનોકામના પૂર્તિ આત્મરક્ષણ દેહ રક્ષણ વિગેરે ઉપલબ્ધીઓ મળે છે તે વિષે ગઢડા અંત્ય પ્રકરણના પ્રથમ વચનામૃતમાં કહી છે જે અમારી લખલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ

સર્વે તેમણે નિત્યે કરવો. અને જેને ભણતાં (વાંચતાં) ન આવડતું હોય તેને નિત્ય શ્રવણ કરવું. અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને શિક્ષાપત્રીની પૂજા કરવી એ ત્રણમાંથી (વાંચન-શ્રવણ-પૂજા) જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો. એમ અમારી આજ્ઞા છે. એવી રીતની જે શ્રીજી મહારાજની આજ્ઞા તેને પાળવાનો નિયમ સર્વેએ ધર્યો જે, હે મહારાજ ! જેમ તમે કહો છો તેમ અમે પાળીશું, તેને સાંભળીને શ્રીજી મહારાજ અતિશે પ્રસન્ન થઈને સર્વે સાધુને બ્રહ્મચારીને મળતા હવા અને સર્વે સત્સંગીઓના હૃદયમાં પોતાના ચરણાર્વિંદ આપતા હવા.'' હે ભક્તો શિક્ષાપત્રીનું વાંચન-શ્રવણ-પૂજાનું વચનને સ્વીકારવા માત્રથી શ્રીહરિ અત્યન્ત રાજી થયા તો જે સત્સંગી વાંચન-શ્રવણ પૂજા કરે તેનાં પર તો કેટલા પ્રસન્ન થાય, જે જ્યારે નિત્ય વાંચન-પઠન-પૂજા શિક્ષાપત્રીની જે કરે છે તેને શ્રીહરિ પ્રત્યક્ષ બાથમાં લઈને મળે છે અને હૃદયમાં ચરણારવિંદ આજે પણ આપી રહ્યાં છે. આવો મારો પ્રતાપ-મહિમા લાભ સત્સંગીને મળે છે. ક્યાંક આળશ ક્યાંક અજ્ઞાન ના અભાવે આવો લાભ ચૂકી જવાય છે. તો જરૂરથી શિક્ષાપત્રીનું વાંચન યથાશક્તિ પાંચ પચીસ શ્લોક એકાગ્ર મને કરીને અવશ્ય વાંચવા અને પૂજા કરવી. શિક્ષાપત્રીના વચનો પાળવામાં તો બહુજ લાભ રહ્યો છે. પરંતુ પઠન અને પૂજામાંય આટલો ફાયદો મળે છે એવું શ્રીહરિનું વચન છે. શિક્ષાપત્રીની આજ્ઞાઓ તો યથાશક્તિ પાળવી જ પરન્તુ પઠન-પૂજા તો અવશ્ય કરવી. શિક્ષાપત્રીનું જે પઠન પૂજન કરે છે તે શિક્ષાપત્રી રૂપી સુદર્શન ચક્ર સત્સંગીની સદા સર્વદા રક્ષણ કરે છે. શિક્ષાપત્રી કદમાં નાની છે છતાં, પણ મહિમા બહુ મોટો છે. સત્સંગમાં સહજ ઉપલબ્ધ છે પણ પઠન-પૂજા કરવી બહુ દુર્લભ છે. શિક્ષાપત્રી મહારાજનું વાંગમય પ્રગટ સ્વરૂપ છે. ઘરમાં પવિત્ર સ્થાનમાં મર્યાદા જળવાય તે રીતે રાખો. શિક્ષાપત્રી જેવી નાની પુસ્તિકા જેના ઘરમાં નિત્ય પૂજાતી હોય તેના ઘરમાં ક્યારેય ભૂત પ્રેત મૂઠ મારણ જેવા અનિષ્ટ તત્વો પ્રવેશ કરી શકતા નથી. જે સત્સંગીએ શિક્ષાપત્રીનું પઠન-પૂજન કર્યું તેના પર કોઈ મલીન વિદ્યાનો પ્રભાવ કોઈ પાડી શકતુ નથી. માટે ઘરમાં શિક્ષાપત્રીનું જરૂરા જરૂર પઠન-પૂજા નિત્ય કરો. મહિનામાં એકવાર શિક્ષાપત્રીનો પાઠ પૂર્ણ કરવો. જેમ કારતક સુદ-૧ થી શરૂ કર્યો તો અમાસ સુધીમાં ૨૧૨ શ્લોકનું વાચન પૂર્ણ થવું જોઈએ. ઉત્તમ શ્રધ્ધાવાળા પૂનમે પૂર્ણ કરે તો મહિનામાં બે પાઠ થાય.

શિક્ષાપત્રી શ્લોક ૨૦૮- ૨૦૯ માં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે અમારા આશ્રિતોએ આ શિક્ષાપત્રીનો નિત્ય પાઠ કરવો. જેઓ ભણ્યા ન હોય તેમણે શ્રવણ કરવું અને શિક્ષાપત્રી વાંચનાર કોઈ ન મળે તો નિત્ય પૂજન કરવું. મારી વાણી છે તે મારુ સ્વરૂપ છે માટે તે પરમ આદરથી માનવી. ધર્મદેવ ભક્તિમાતાના પુત્ર અક્ષરધામાધિપતિ પ્રગટ થયા તો પોતાના ચાર આયુધો સાથે લાવ્યા હતા તે પોતાની પાસે રાખ્યા નહિ છતાં સત્સંગમાં પ્રગટ રાખ્યાં (૧) સુદર્શનરૂપે શિક્ષાપત્રી (૨) ગદા રૂપી શસ્ત્ર કુળદેવ હનુમાનજીને આપી. શંખ રૂપી શસ્ત્ર ધર્મવંશી આચાર્યને આપ્યું જે શંખનાદરૂપી મંત્રદાન વડે ત્રણ દેહને ભેદી શકે છે. પદ્મ (કમળ) સદ્ગુરુ આનંદાનંદ સ્વામીને આપ્યું. જેમના જમણા હાથે કમળ જન્મથી જ અંકિત હતું. એટલે તો મંદિરોના બાંધકામ તથા મોટા મોટા ઉત્સવ સમૈયામાં જ્યાં ધનની વિપુલ માત્રામાં જરૂર પડે તેના સુકાની આનંદાનંદ સ્વામીને બનાવતા જેથી ક્યારેય ધન પદારથ ખૂટે જ નહિ.

શિક્ષાપત્રીનો નિત્ય પઠન-પૂજા કરતા બાળકો-યુવાનોની વિદ્યા વધે છે અને સારા માર્કસથી પાસ થતા અસંખ્ય દાખલાઓ સત્સંગમાં પ્રત્યક્ષ જોવા મળે છે. જેને સારી ડીગ્રીઓ મેળવવી હોય તેમણે શિક્ષાપત્રીનો પાઠ અવશ્ય કરવો. તેમાં સહજ ચમત્કાર રહ્યાં છે.

શ્રીજી મહારાજે સ્વહસ્તે કરેલા શાસ્ત્રો (૧) શિક્ષાપત્રી (૨) વચનામૃત (૩) દેશ વિભાગનો લેખ.

શિક્ષાપત્રીની પૂજા-પઠનમાં આટલો બધો ચમત્કાર હોય તો આજ્ઞા પાળવામાં તો અનંત ઘણો લાભ છે. માટે તમામ સત્સંગીઓએ શ્રીહરિએ લખેલી ૨૧૨ શ્લોક યુક્ત શિક્ષાપત્રીના શરણે રહેવું. તો સર્વ કષ્ટ થી રક્ષા કરશે. એક શિક્ષાપત્રીનું દૈવી મનુષ્યને દાન કરવાથી એક ગાય દાનનું ફળ મળે છે.

સ્વામીની વાતુમાં લખ્યું છે કે, એક ભક્તરાજ અંબરીષ રાજાની ભક્તિને વશ થઈને ભગવાને સુદર્શનચક્ર રક્ષણ માટે આપ્યું હતું પરંતુ શ્રીજી મહારાજે સત્સંગી માત્રને શિક્ષાપત્રી રૂપી સુદર્શન ચક્ર રક્ષણ માટે આપ્યું છે.

શ્રી સ્વામિનારાયણ

# દીપજ્યોતિ ર્નમોડસ્તુ તે

- શાસ્ત્રી હરિકેશવદાસ

આપણાં અનેક શાસ્ત્રોમાં પુરાણોમાં ભગવાનની આગળ દીવો પ્રગટાવવાનો બહુ મહિમા છે. દીપ જ્યોતિનાં દર્શન કરવાથી ધન સમ્પતિ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. દ્વેષ બુદ્ધિનો નાશ થાય છે. તેમાં પણ ગાયના ઘીનો દીવો પ્રગટાવવાથી અનેક ગણું પુણ્ય અને ફળની પ્રાપ્તિ થાય છે. ભગવાની આગળ દીપ પ્રગટાવવાથી દીપદાતાના પુણ્યતેજમાં શત્રુઓના બળનો નાશ થઈ જાય છે.

શુધ્ધ ઘીનો દીવો સાત્વિકતાનું પ્રતીક છે. મનમાં હકારાત્મક વિચારો લાવવા માટેનો ઉત્તમ ઉપાય છે. દીવાનો અગ્નિ સારા વિચારોને ઉર્ધ્વગતિ આપે છે. એટલે નિરાશ હતાશ થયેલી વ્યક્તિ ઈષ્ટદેવને દીપદાન કરે તો પરમાત્માની કૃપાથી તે વ્યક્તિની નિરાશા અને હતાશા દૂર થઈ જાય છે.

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને સત્સંગિ જીવનમાં પ્રભુની આગળ દીપ અર્પણ કરવાની આજ્ઞા કરી છે. ''घृतदीपाः प्रभोरग्रे कर्तव्या निशि शक्तिः''

વળી દીવો તો દેવનું સ્વરૂપ ગણાય છે.

''भो दीपः देवस्वरुप सत्वं कर्म साक्षीहयविध्नकृत्'' ઈષ્ટદેવની સમક્ષ જે કંઈ સત્કર્મ કરીએ તેનો સાક્ષી દીવો બને છે. પદ્મપુરાણતો એટલે સુધી કહે છે કે ઈષ્ટદેવની આગળ કરેલા દીપદાનના પ્રતાપે અસદ્ગતિમાં ગયેલા પિતૃઓનો ઉદ્ધાર થાય છે. માટે તો દીપ જ્યોતિને વંદન કરવામાં આવે છે.

''शुभं करोतु कल्याणं आरोग्यं धन सम्पदा ।

शत्रुबुद्धि विनाशाय, दीपज्योति नमोऽस्तुते ।

दीपज्योतिः परंब्रह्म दीपज्योति र्जनार्दनः ।

दीपो हरतु मे पापं दीपज्योति र्नमोऽस्तु ते ।।''

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રીહરિએ અમદાવાદમાં સર્વ પ્રથમ શ્રી નરનારાયણદેવ આદિ સ્વરૂપોની પ્રતિષ્ઠા કરી તેની સાથે જ દેવની આગળ દીપ પ્રાગટ્ય કર્યુ એ દીપની અખંડ જ્યોત બસો વર્ષથી અખંડ ચાલુ છે.

પરંતુ સાવધાની પૂર્વક વિચારવાની વાત એ છે કે ઘણા ભક્તો ભાવિકો ભાઈઓ, બહેનો શ્રધ્ધાળુઓ આ દીપ જ્યોતિમાં અર્પણ કરવા માટે ઘી લાવે છે. પરંતુ એ ઘીની શુધ્ધતા માટેની કોઈ સાબિતી હોતી નથી. અત્યારના ભેળ સેળીયા સમયમાં ઘી માં અનેક અસ્પૃશ્ય વસ્તુઓ પણ ભેળવી દેવાય છે. પછી એવું અપવિત્ર ઘી દીવામાં અર્પણ કરવાથી શાસ્ત્રોમાં કહેલા પુણ્યની પ્રાપ્તિ થતી નથી. અને દોષમાં પડાય છે.

એટલે અપરાધથી બચવા અને શાસ્ત્રમાં જણાવેલા પૂરા પુણ્યને પ્રાપ્ત કરવા પરમ પૂજ્ય વંદનીય આપણા મોટા મહારાજશ્રીના હૈયામાં શ્રી નરનારાયણદેવની આગળ અખંડ દીપની શુધ્ધતા પવિત્રતા કાયમ જળવાઈ રહે અને દીપદાન કરનારા ભક્તો સદા સુખી રહે એ માટે એક ઉત્તમ વિચાર આવ્યો.

એટલે કે દીવા માટે મનફાવે ત્યાંથી ગમે તેવું અજાણ્યું ઘી લાવવું નહિ. તેના બદલે આપણા સંકલ્પ અને શક્તિ પ્રમાણે એ દીવા માટેના ઘીના બદલે આર્થિક દાન મંદિરમાં આપી પાવતી મેળવી લેવી. પછી મંદિર તરફથી જ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આયોજન પ્રમાણે ગાયનું શુધ્ધ ઘી લાવીને દીવામાં સમર્પિત કરવાનું આયોજન વિચારાયું છે.

જેથી આપણી શુધ્ધ શ્રધ્ધા-ભાવના ગાયના ઘીના દીવાની જ્યોતિ દ્વારા પ્રભુને સમર્પી શકીએ.

વળી આપ સૌને જાણીને આનંદ થશે કે આવા ઉત્તમ શુભકાર્યની પહેલ પરમ પૂજ્યપાદ મોટા મહારાજશ્રીએ પોતાના તરફથી રૂા. ૫૦,૦૦૦/- પચાસ હજાર શ્રી નરનારાયણદેવને અર્પણ કરીને કરી છે. જે સમગ્ર સત્સંગ સમાજને પ્રેરણારૂપ છે.

વળી સદા પ્રગટ સદા પ્રત્યક્ષ શ્રી નરનારાયણદેવની આગળ રહેલા દીવાનું સ્થાન જેવું તેવું ન હોવું જોઈએ એટલે પૂજ્યપાદ મોટા મહારાજશ્રીની પ્રેરણાથી સેવાભાવી સન્નિષ્ઠ હરિભક્ત પ.ભ. શ્રી પૂનમભાઈ મગનભાઈ પટેલે સુંદર કલામય દીપસ્થાન બનાવરાવી પૂજ્ય મોટા બાપજીના વરદ્ હસ્તે દેવને સમર્પણ કર્યું છે.

તો આ લેખ વાંચીને આજથી સૌ ભક્તો આ બાબત વિચારી પૂજ્યપાદ મોટા બાપજીએ આપેલા આયોજન પ્રમાણે દીપદાન નિમિત્તે સેવા સમર્પણ કરી શ્રી નરનારાયણદેવની કૃપા, સુખ, આશીર્વાદ અને મોક્ષ મેળવી લેવા.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



**એપ્રોચ (બાપુનગર) મંદિરના દશાબ્દી મહોત્સવ પ્રસંગે તા. ૨૬-૨-૧૫ :** આપણે આપણા શરીરની જેટલી ચિંતા કરીએ છીએ, કાળજી રાખીએ છીએ તેનાથી વધારે કાળજી આપણા અંતઃકરણ તથા આપણા મનને સ્વચ્છ રાખવા માટે રાખીએ તે વધારે જરૂરી છે. હાલમાં સ્વાઈન ફ્લ્યુ ચાલે છે. ક્યાંક પોતાને પણ આ વાયરસનો ચેપ ન લાગે તેની કાળજી રાખતા સૌ જોવા મળે છે. ભગવાનની ઈચ્છાને આધીન સૌના દેહ છે. કોઈ પણ નિમિત્તથી ગમે ત્યારે ગમે તેના દેહનો અંત આવી જાય છે. માટે કેટલું જીવ્યા તેના કરતાં કેવું જીવ્યા તે મહત્વનું છે.

રોગના નામ બદલાતા રહે છે. અગાઉ ચીકનગુનિયા આવેલું. ત્યારબાદ ડેન્ગ્યુ આવ્યું અને હાલમાં સ્વાઈન ફ્લ્યુની સીઝન ચાલે છે. આપણને બહારના જીવડા નડે છે તેના કરતા અંદરના શત્રુઓ વધારે નડતા હોય છે. તેને ટાળવા માટે કોઈ દવા કે શસ્ત્ર કામમાં નથી આવતા. ખરાબ સ્વભાવ, પ્રકૃતિ, ક્રોધ, માન આદિક અંતઃશત્રુઓ ટાળવા માટે દ્રઢ સત્સંગની જરૂર પડે છે. કેટલાક સ્વભાવ પૂર્વના ઘણા જન્મથી દ્રઢ થયેલા હોય છે. તો કેટલાક સ્વભાવ આ જન્મમાં ખરાબ સોબત વગેરેથી પડ્યા હોય છે. કુસંગ છોડીને સત્સંગ કરીએ એટલે આ જન્મમાં પડેલા કુસંસ્કાર તો નીકળતા વાર લાગતી નથી. મહારાજે વચનામૃતમાં કહ્યું ને કે વરસાદ પડે એટલે કેટલુંક ઘાસ દિવાલ ઉપર પણ ઉગી નીકળે, પરંતુ તે ઘાસ થોડા દિવસનું હોય છે. તાપ પડે એટલે સુકાઈ જાય. કારણ કે તેના મૂળિયા બહુ ઊંડા ન હોય. પરંતુ ખેતરમાં બોરડી, ધરો વગેરે જે ઉગ્યું હોય તેના મૂળિયા એટલા ઉંડા હોય કે ખેડૂત તેને કાપીને પછી આગ લગાડીને બાળે તો પણ વરસાદ થાય એટલે પાછા ઉગી નીકળે. પછી ખેડૂત કોદાળી લઈને ઉંડા ખાડા કરીને તેને મૂળ સોતા ખોદીને ઉખાડી નાખે એટલે પછી તે ઉગે નહીં. તેમ આપણા પૂર્વના દ્રઢ થયેલા સ્વભાવ-પ્રકૃતિને ટાળવા માટે ભગવાન સાથે દ્રઢ પ્રીતિ, દૃઢ સત્સંગ, કથા શ્રવણ તથા સંત સમાગમની ખૂબ જરૂર પડતી હોય છે.

એપ્રોચ મંદિરમાં સાત સંતો રહે છે. મહંત સ્વામી, કોઠારી સ્વામી વગેરેએ આ વિસ્તારના સત્સંગને લીલો રાખ્યો છે. નિર્ગુણદાસજી સ્વામી જેવા વિદ્વાન સંતો તમને અવાર-નવાર ભગવાનની કથાનું શ્રવણ કરાવે છે. મંદિર કરવું સહેલું છે પરંતુ મંદિર થયા પછી અરસપરસ હેત પ્રીતિ સંપ રાખીને સૌને સત્સંગ કરાવવો એ અઘરું કામ હોય છે. અહીંનું યુવક મંડળ પણ સેવા કરવામાં ખૂબ સક્રિય છે. ગાદીવાળાશ્રી અમને ઘણીવાર વાત કરતા હોય છે કે અહીંના કેટલાક બહેનો પણ ગામડાઓમાં જઈને બહેનોમાં સત્સંગ કરાવે છે. જે બહુ આનંદની વાત છે.

હાલના સમયમાં સૌને સત્શાસ્ત્રો વાંચવાની રુચિ ઓછી થતી જાય છે. ટાઈમ ઓછો પડે છે અને રસ પણ નથી. તેવા સમયે કથા શ્રવણ બહુ જરૂરી છે. આજે લોકોને બીજુ બધું જલ્દીથી યાદ રહી જતું હોય છે પરંતુ ભગવાનની કથા સાંભળ્યા પછી કથામાં શું આવ્યું હતુ તે અડધી કલાક પછી ભૂલી જતા હોય છે. વધારેમાં વધારે ૨૪ કલાક કથા યાદ રહેતી હોય છે. તેવા સમયે નંદ સંતોનું જીવન જુઓ. એપ્રોચ મંદિર દ્વારા પ્રકાશિત આજે જે ''હરિ સ્મૃતિ પુસ્તિકા''નું વિમોચન થયું તે વાંચો એટલે ખ્યાલ આવશે કે ગ્રંથના રચયિતા સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી આદિક નંદ સંતોને શ્રીજી મહારાજ પ્રત્યે કેટલો પ્રેમ, કેટલી ભક્તિ અને કેટલી લાગણી હશે કે મહારાજના જેવા દર્શન કર્યા હોય, જમતા જોયા હોય, સ્નાન કરતા જોયા હોય કે અન્ય કોઈ લીલા કરતા જોયા હોય તે સઘળુ આબેહૂબ વર્ણન કરીને લખીને આપણને આપ્યું છે. માટે આ પુસ્તિકા સૌ વસાવજો. વાંચજો અને તેનું મનન કરજો. પાંચ રૂપિયાની કોઈ કિંમત નથી. ૫૦,૦૦૦ ના મોબાઈલ માથું દુખાડવા ખિસ્સામાં પડ્યા રહેતા હોય છે. ત્યારે મહારાજનું સ્મરણ કરાવવા આ પ્રકારની પુસ્તિકા બહુ ઉપયોગી થાય છે.

આજે પરિસ્થિતિ એવી છે કે પોતે મહારાજનું નામ સ્મરણ કરવાને બદલે મહારાજની મૂર્તિવાળુ મશીન લાવીને ચાલુ કરી દે એટલે મશીન સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલ્યા કરે, મહારાજને કહે, તમારું નામ તમે જ સાંભળ્યા કરો, અમારે તમારું નામ બોલવાનો ટાઈમ નથી. ઠીક છે મહારાજનું યેન કેન પ્રકારેણ સ્મરણ થાય તે હેતુથી સમય પ્રમાણે બધું ચાલતું હોય છે. પરંતુ હકીકતમાં આપણે એકાગ્ર મનથી મૂર્તિ સંભારીને નામ સ્મરણ કે ધૂન કરવી જોઈએ.

અંતમાં પ.પૂ. મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

## શ્રી નરનારાયણદેવ સમક્ષ અખંડ દીવામાં સેવા અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સર્વે હરિભક્તોને જાણ કરવામાં આવે છે કે અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ સમક્ષ અખંડ દીવા માટે જે ભાઈ-બહેનો ઘી લાવે છે તેની શુધ્ધતાની કોઈ સાબિતી-ખાત્રી હોતી નથી જેમાં અનેક અસ્પૃશ્ય વસ્તુ ભેળવાતી હોય છે. જેથી એવું અપવિત્ર ઘી દીવામાં અર્પણ કરવાથી શાસ્ત્રોમાં કહેલા પુણ્યની પ્રાપ્તિ થતી નથી. જેથી આપની સંકલ્પ શક્તિ પ્રમાણે ઘી ના બદલે અમદાવાદ મંદિરમાં આર્થિક દાન આપી પાવતી મેળવી લેવી. મંદિર તરફથી ગાયનું શુધ્ધ ઘી દીવા માટે ઉપયોગમાં લેવાશે.

# પ્રસાદીના પત્રોનું આચમન

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

**મૂળ પત્ર :**

લિખાવંત સ્વામી શ્રી ૭ સહજાનંદજી મહારાજ જત મંદિરના અધિકારી મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામી તથા અક્ષરાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી તથા મંદિરના અધિકારી સમસ્ત નારાયણ વાંચજો.

બીજું લખવા કારણ એમ છે જે આપણા જે સર્વે મંદિર છે. તેમાં કોઈનું કરજ ન કરવું તથા કોઈની થાપણ ન રાખવી. તથા કોઈ વેપારીની હાટે પરચુરણ નામુ ન કરવું તથા દાણા ન વેચવા તથા સદાવ્રત ન બાંધવું અને દાણા સલી (સડી) જતા હોય તો તે વેચીને નવા લેવા અને વેપારીને હાટે હરકોઈ જણસ વોરવી હોય તો રોકડા રૂપૈયા આપીને વોરવી ને રૂપૈયાનો જોગ ન હોય તો ઠાકોરજીના થાલને અર્થે પણ નામું તો ન જ કરવું ને જેવી પોતાના કોઠારમાં પહોંચ હોય તે પ્રમાણે ઠાકોરજીને નૈવેદ્ય ધરાવવું તથા ઊછ્વ નિમિત્ત વાવરવું. તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતાજીમાં કહ્યું છે ॥ શ્લોક ॥ પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભકત્યાપ્રયચ્છતિ । તદહં ભકત્યુયકૃતમશ્ના મિપ્રયતાત્મનઃ ॥૧ બીજું આ કાગલમાં જે અમે લખ્યું છે તે પ્રમાણે સર્વને સાવધાન થઈને વરતવું ને આથી વિશેષ જે વરતાવાની રીત તે તો અમે શિક્ષાપત્રીમાં લખી છે. તે જોઈને તે પ્રમાણે વરતવું. બીજું આ લિખ્યા પ્રમાણે જે નહિ વરતે તે અમારો સત્સંગી નથી ને તે વચનદ્રોહિ ગુરુદ્રોહિ છે. સંવત ૧૮૮૫ ના પોષ સુદી-૪

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં લખાવેલ આ અસલ પત્ર આજે પણ અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના છઠ્ઠા પીઠાધિપતિ પ.પૂ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ પ્રમાણે નિર્માણ થયેલ ‘શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ’ના હોલ નં ૯ માં સત્સંગી હરિભક્તોના દર્શનાર્થે મુકવામાં આવેલ છે.

**વિવરણ :** ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદિરના અધિકારી કોણ ? તેને વ્યાખ્યાયિત કરતાં સ્પષ્ટ નામોલ્લેખ કરીને જણાવે છે કે, મુક્તાનંદાદી સર્વે સંત ગણ આ મંદિરોના અધિકારી છે. આજના જમાના પ્રમાણે કહીએ તો, ચેરીટી કમિશ્નરો, સરકારી અમલદારો, મંદિરના નોકરીયાતો કે ટ્રસ્ટીગણ સહિત કોઈ ‘અધિકારી’ નથી. શ્રી સ્વામિનારાયણે દેશ વિભાગનો લેખ સ્વંય લખાવડાવીને ધર્મવંશી આચાર્યોને મંદિરો આદિકની વહેંચણી કરી છે. જે સંતોએ નિષ્કામભાવે માત્ર જીવોના કલ્યાણને અર્થે પોતાનું જીવન શ્રીકૃષ્ણાર્પણ કરીને, આ મંદિરો બનાવ્યાં છે તેઓ જ તેના સાચા રખેવાળો છે. શ્રીજી મહારાજની હયાતીમાં, નંદ સંતોએ તેમના માર્ગદર્શન પ્રમાણે કાર્ય કર્યું. અત્યારે તે જ પ્રણાલિકા મુજબ વર્તમાન સમયના સંતો-મહંતો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના માર્ગદર્શન મુજબ મંદિરોના નિર્માણની પ્રવૃત્તિ કરી રહ્યા છે. જેમ ભગવાન શ્રી સ્વામિનારાયણના

સ્થાને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી છે તેમ નંદ સંતોના પ્રતિનિધિ તરીકે આજના સંતો છે તેવી સમજણ સર્વેએ અચૂક રાખવી. સંપ્રદાયના ઈતિહાસમાં કોઈ નંદ સંતે ક્યારેય પોતાની આગવી સંસ્થા ઊભી કરી નથી કે તેમ કરવાનો સંકલ્પ શુધ્ધા કર્યો નથી અને તેથી જ આવા નિષ્કામી નિર્લોભી સંતોને સ્વયં ભગવાન પણ મંદિરોના 'અધિકારી' ગણાવે છે. મંદિરના અધિકારી થવા માટે તેના વહીવટમાં પડવાની જરૂર નથી. પરંતુ જરૂર છે મંદિરને વિષે આત્મબુદ્ધનીય જેમ ગૃહસ્થને પોતાના ઘરમાં આસક્તિ છે, તેવી મંદિરને વિષે જેને મમત હોય તે અધિકારી-મોટેરો ગણાય. આપણામાં જો શક્તિ હોય તો, આપણે ધર્મવંશી આચાર્યશ્રીની અનુમતિમાં રહીને, મોટા સંત હરિભક્તો ભેળા રહીને આપણને ઉચિત-યોગ્ય હોય તે પ્રમાણે મંદિરોના નિર્માણમાં-સમારકામ-નિભાવ વગેરે સેવા કરવી તો શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત થાય. પરંતુ માત્ર સત્તા સ્થાને બેસીને પ્રસાદી જમીને કે હારતોરા પહેરીને, કે પહેરામણીઓ સ્વીકારીને, ધર્માદાનું લઈને આ જીવની ક્યારેય ઊન્નતિ થાય નહિ. પરંતુ અધોગતિ થાય તે સમજવું.

બીજું ભગવાને સ્વયં મંદિરો નિર્માણ કર્યા છતાં તેઓશ્રી લખાવે છે કે 'આપણા મંદિરો.......' અર્થાત્ મહારાજ પોતે આખા સંપ્રદાયના સર્વે સંત હરિભક્તોને 'પોતાના' ગણતા અને તેથી જ તેઓ મારા મંદિરો નહિ પરંતુ આપણા મંદિરો એવા શબ્દો વાપરે છે. જે સત્સંગમાં આત્મબુદ્ધિની પરાકાષ્ટા દર્શાવે છે. આજે તો બાપ-દીકરા, ભાઈ-ભાઈની વચ્ચે પણ આ મારું અને આ તારુંની ભાવના વ્યક્ત થાય છે, ત્યારે સંપ્રદાય સમસ્ત મારું કુટુંબ છે તેવી લાગણી પુરુષોત્તમ નારાયણ સ્વયં સ્પષ્ટ કરી રહ્યા છે પણ આ જીવની અવળ ચંડાઈ એવી છે કે તેમની મિલ્કતમાં ભાગ લેવા તૈયાર થાય છે પરંતુ પોતાના નામે પોતાની આગવી મિલ્કતોના નિર્માણમાં રચ્યા પચ્યા રહે છે અને પોતાને પાછા સંપ્રદાયનો ભાગ ગણાવે છે । જો આપણે ભગવાનના મંદિરોના 'અધિકારી' થવું હોય, તેનો ભાગ થવું હોય, તેમના 'પોતાનાં ગણાવું હોય તો, તેમની આજ્ઞા પ્રમાણે વર્તીને, ધર્મવંશી આચાર્યશ્રીને ગુરુ તરીકે માની તેમની આજ્ઞામાં સદાયે નિરંતર વર્તવું તેમાં મોટા સંતો અને શ્રીહરિનો રાજીપો છે.

મંદિરના અધિકારી-કોઠારી-મહંતે કોઈનું કરજ ન કરવું એટલે કે કોઈનું પણ ધનધાન્ય મંદિરના અર્થે ઊછીનું ન લેવું. કેમ કે પરમાત્મા સર્વોપરી, સ્વતંત્ર છે તે કોઈના ઉપકારને વશ થઈને દબાય નહિ. આ દુનિયાનો એવો નિયમ છે જે, દેવાદારને હંમેશા સૌ કોઈને આધીન રહેવું પડે. આ કળિયુગમાં તો ભગવાનની એક રૂપિયાની સેવા કરીને, ભગવાન પાસે લાખો માંગનારા પણ છે. ભગવાન તો સૌના ભાવ પ્રમાણે તેની સેવા સ્વીકારીને તે પ્રમાણે તેને કર્મફળ આપે છે. જેના માથે એક રૂપિયાનું પણ દેવું નથી તે વ્યક્તિ સૌથી સુખીમાં સુખી છે આ સનાતન સત્ય આપણે સમજવું અને તે પ્રમાણે વર્તવું. જ્યારે કોઈ વ્યક્તિ મંદિરની તન-મન-ધનથી સેવા કરે ત્યારે અધિકારીએ તે લઈને બેસી ન રહેવું પણ તેને પ્રસાદીનો હાર પુષ્પ પ્રસાદ ઈત્યાદિ આપવું અને તેમ કરીને તે સેવાનું પણ કરજ ચૂકવી દેવું. સંપ્રદાયનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, જ્યારે સંતોને મંદિર નિર્માણને અર્થે લાકડાનાં સ્તંભો ઈત્યાદિ જોઈતા ત્યારે હરિભક્તોને આશીર્વાદ દેતા કે હે ભાઈ ! જો તું આ વૃક્ષ દેવ સેવામાં અર્પણ કરીશ તો તે જીવ તારે ત્યાં પુત્ર-પુત્રીરૂપે અવતરશે ! આમ સંતોએ સેવા તો અંગીકાર કરી છે પણ સામે હરિભક્તને અભયદાનની સરવાણીઓ પણ વહેવડાવી અને શ્રીજીએ પોતાના વહાલા સંતોના આવા અનેકાનેક આશીર્વાદો પરિપૂર્ણ કર્યા છે. આમ ઊછીનું તો ન જ લેવું પણ સેવાર્થે લઈને તેનું રૂડું થાય તેવી પ્રાર્થના શ્રીજી મહારાજને જરૂરાજરૂર કરવી. તે અધિકારી વર્ગનો ધર્મ છે.

કોઈની થાપણ ન રાખવી અર્થાત્ કોઈની **deposit** ન રાખવી. ટૂંકાણમાં કહીએ તો, ભવિષ્યમાં ચોક્કસ મુદત બાદ તેને તેનું ધન, ચીજવસ્તુ આપી જ દેવાની હોય તો તે મંદિરમાં ન લેવું. હરિભક્તોએ પણ સમજવું ઘટે કે મંદિરને આપેલી ધન-ચીજવસ્તુ-ઘરેણાં ઈત્યાદિક શ્રીકૃષ્ણાર્પણ છે એટલે કે તે ક્યારેય પાછું મંગાય નહિ. મંદિરના આચાર્યશ્રીને યોગ્ય લાગે તેમ તેનો ઊપયોગ કરે

તેમાં જ આપણે રાજી રહેવું. આપણે સેવા કરીને, તેનો ઉપભોગ કેમ કરવો તે વિષે કશું કહેવું-બોલવું-લખવું નહિ. ભગવાન શ્રી સ્વામિનારાયણની ધનાઢ્યો સુવર્ણ અલંકારો ઈત્યાદિથી પૂજા કરતા અને શ્રીહરિ ત્યાર પછી તરત જ નિર્લેપ ભાવે તે સર્વે સુપાત્રને ત્યાં જ દાન આપી દેતા. ત્યારે પૂજા કરનાર દુઃખી થતો નહિ પણ આનંદના સાગરમાં ડૂબી જતો જે પુરુષોત્તમ નારાયણ તો રાજી થયા ઉપરાંત જેને અર્પણ કરી દીધું તેનો પણ રાજીપો થયો ! આ સમજણ રાખીને હરિભક્તે તો ધર્માદો કરીને તેનો પ્રસાદ પણ લેવો નહિ, તો જ તેને ચોખ્ખો ધર્માદો' કહેવાય. સત્સંગમાં તો જેની સમજણ ઊંચી તે મોટો કહેવાય અને તેની ઉપર શ્રીજીનો રાજીપો પણ વધુ થાય.

વેપારીની હાટે પરચુરણ નામુ ન કરવું. આ શ્રીહરિની કાર્યપાલનની ચીવટતા દર્શાવે છે. શેર શાક કે દાતણ પણ કરજે ન લેવું. મંદિરમાં બિરાજમાન દેવ પ્રત્યક્ષ છે એમ સમજવા માત્રથી જ આપણને ખ્યાલ આવશે કે, રાજાધિરાજ, અનંતકોટી બ્રહ્માંડનો ધણી, જીવ પ્રાણીમાત્રને કર્મનું ફળ દેવાવાળો, બેઠો હોય અને કોઈ ક્ષુલ્લક જીવ એમ કહે કે જે મંદિરમાં મેં આટલું આપ્યું તે ઠીક નથી. પરમાત્માના મહિમાને-મોટ્યપને ઝાંખપ લાગે. પરમાત્મા આપણને આપે છે પણ આપણે પરમાત્માને કશું જ આપી શકતા નથી જે કંઈ આપીએ છીએ તે તો તેમનું જ આપલું તેમને પરત કરીએ છીએ. આપણે તો આપણો શુધ્ધ ભાવ-અર્પણ કરવાનો છે. તેમાં ખામી રાખવી નહિ. સામાન્યતઃ એવું જણાય છે કે, જે કીડી મારે તે માણસ પણ મારે. એટલે કે જે નાની આજ્ઞાનું ઊલ્લંઘન કરે તે ધીમે ધીમે મોટી આજ્ઞાનું પણ ઉલ્લંઘન કરે અને છેવટે કલ્યાણ બગાડે. શ્રીહરિની આજ્ઞા નાની-મોટી નથી સર્વે વશા-વીશની છે. એટલે આજ્ઞા પાલનનું અનુસંધાન અચૂક રાખવું.

દાણા ન વેચવા એટલે કે, ધર્માદામાં જે અનાજ આવ્યું હોય તેનો વેપાર ન કરવો તે હરિભક્તો અર્થે જ વાપરવા. ધર્માદામાં કે દેવસેવામાં જે કાંઈ ચીજ-વસ્તુઓ પ્રાપ્ત થઈ હોય તો તે વેચીને તેમાંથી નફો રળવાની પ્રવૃત્તિ ઠીક નથી. તે ચીજ-વસ્તુઓ સંપ્રદાયમાં હરિભક્તો-સંતો અર્થે જ વાપરવી અથવા તો સંજોગોને આધીન આચાર્યશ્રીની મરજી પ્રમાણે સમાજસેવામાં વાપરવી. પરંતુ તેને વેચીને રૂપિયા ભેગા કરીને આપણી મરજી પ્રમાણે વાપરવું ઠીક નથી. જનસેવા એ પ્રભુ સેવાનું સ્વરૂપ છે તેથી પાત્રતા પ્રમાણે દીનજનો પ્રત્યે તે વપરાય તેનો બાધ નથી.

સદાવ્રત ન બાંધવું એટલે કે ઘરના છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો એવું ન કરવું. જો પોતાની જરૂરિયાત કરતાં વધુ હોય તો સુખેથી અન્યને આપવું પણ સંપ્રદાયના હરિભક્તોમાંથી ઉઘરાણું કરીને ધર્માદો ભેગા કરીને કુસંગીને આપવાથી કાંઈ ફળ મળે નહિ. અને ઉપરથી કલેશ થાય. શ્રીજીમહારાજે પણ શરૂઆતમાં માંગરોળ ઈત્યાદિક જગ્યાઓએ સદાવ્રતો શરૂ કર્યા હતાં પરંતુ તેમાં વેરાગી બાવાઓ, વ્યસનીઓ જાતજાતનું તોફાન કરતા અને આપણા નિર્માની સાધુઓને મારતા તેથી તે બધાં સદાવ્રતો કાળે કરીને શ્રીહરિએ બંધ કર્યા અને સુપાત્રોને શોધી, શોધીને દાન દેતા. અભયદાનનો અવિરત પ્રવાહ ચલાવ્યો. મંદિરોમાં તીર્થવાસીઓને જમાડતા. આ પ્રથાઓ આજે પણ ચાલુ છે. એક માત્ર સ્વામિનારાયણના મંદિરોમાં જ તીર્થવાસીઓને નાત-જાત, પૈસાદાર-ગરીબના ભેદભાવ વગર મિષ્ટાન્ને સહિત દેવનો પ્રસાદ ભાણામાં પીરસાય છે ! આ સ્થિતિ સદાવ્રત કરતાં પણ ઊંચી છે.

દાણા જો સડી જતા હોય તો વેચીને નવા લેવા. આ એક ઉત્તમ વહીવટી દૃષ્ટિનો નમૂનો છે. દરેક ખાદ્ય પદાર્થોનો ઉપભોગ કરવાની એક સમય મર્યાદા હોય છે. તે સમય મર્યાદા પહેલાં આ આજ્ઞાનું અનુસંધાન રાખવું એટલે કે દાણા સડી જાય તે પછી નહિ પરંતુ તે પહેલાં તે વેચીને નવા લેવા. ભગવાન તો દર વર્ષે આ જીવને નવા હજારો મણ દાણા જમીનમાંથી આપે છે. આ જીવ નથી તેને પૂરા ખાઈ શકતો કે નથી તેને પુણ્ય દાનમાં આપીને બીજાને ખાવા દેતો ! અને લોભવૃત્તિને લીધે સંગ્રહ કર્યા કરે છે ! જો કોઈક કારણસર દાણા સડી જતા હોય કે બગડી જતા હોય તો તેને વેચીને તેનો નિકાલ કરીને બીજા નવા

દાણા લેવા. ભારત દેશમાં આજે આટલી પ્રગતિ પછી પણ કરોડો મણ અનાજ સરકારી ગોદામોમાં સડીને બગડી જાય છે જે ભૂખ્યા જનોના પેટમાં જતું નથી પણ નાખી દેવું પડે છે. શ્રીહરિ કહે છે કે આવું ન જ કરવું. અનાજનો દાણો ક્યારેય બગાડવો નહિ. આપણાથી ન ખવાય તો બીજા કોઈને ખાવા દેવું પણ બગાડ ન કરવો. સંતોની પકંતિ થાય ત્યારે હરિભક્તોએ દર્શન ખાસ કરવાં. આજે પણ કોઈ સંત તેમની થાળીમાં અનાજનો એક કણ પણ બગાડતા નથી. દરેક હરિભક્તોએ પણ આ નિયમ રાખવો. એક વખત પ.પૂ. મોટા મહારાજશ્રી ઠાકોરજી જમાડવા બિરાજમાન થયા તેમના થાળમાં પીરસાયેલી વાનગીઓ ખૂબ જોઈને તેઓશ્રીએ તેમાંથી પોતાને જોઈએ તેટલું લઈને બીજું દૂર કર્યું. ત્યારે મેં ખૂબ નમ્રતાપૂર્વક તેઓશ્રીને કહ્યું કે હે મહારાજ ! આટલું બધું આ સંતો કેમ પીરસતા હશે ? ત્યારે તેઓશ્રીએ મને સમજાવ્યું કે, હિતેન્દ્રભાઈ ! આ સેવકો છે તે માત્ર અમારા થાળની પ્રસાદી જ જમે છે. આટલામાંથી બધા જ સેવકો થોડી થોડી પ્રસાદી માત્ર જ પામશે ! પોતે જમતી વખતે બોલે નહિ, બીજું કાંઈ માગે નહિ. માત્ર મહારજમાં વૃત્તિ રાખીને થોડું જમે પણ સેવકોનું પણ ધ્યાન અચૂક રાખે ! આ દર્શન-સમજણ મેં મારા જીવનમાં ક્યાયં જોઈ નથી. સંતો એક દાણો બગાડે નહિ અને આચાર્યશ્રી એક પણ વ્યક્તિ ભૂખ્યો રહી ન જાય તેનું સતત અનુસંધાન રાખે !

હરકોઈ જણસ વહોરવી હોય તો રોકડા રૂપૈયા આપીને વહોરવી. અર્થાત્ ક્યારેય હપ્તા પધ્ધતિનો આશરો ન લેવો. આજના યુગમાં જીવન સિવાય બધું જ હપ્તાથી મળે છે. પણ તેમ કરનાર સુખેથી ઊંઘી શકતો નથી. આવતી કાલે ભરવાના હપ્તાની ચિંતામાં, પ્રભુ ભજન કરી શકતો નથી. જેને કોઈને કશું આપવાનું બાકી નથી તેવો હરિભક્ત રાત્રે નિયમ ચેષ્ટા કર્યા પછી સુખેથી શ્રીજીના ચરણોમાં માથું રાખીને ઊંઘી શકે છે. દિવસ આખામાં પોતાને અર્થે સંતોની સેવાને અર્થે સમય અચૂક આપી શકે છે. પણ આ ફેશન-વ્યવસનના યુગમાં, રૂપીયા માયાની હોડમાં માનવીએ તેનું ભવિષ્ય પણ ગીરો મૂક્યું છે. અને તેથી જ તેને ભગવત્ સ્મરણનો પણ સમય નથી. ઈશ્વર તો એટલો દાયળુ છે કે બધાને ૨૪ કલાક એક સરખા આપ્યા છે પણ કેટલાક બુદ્ધિના ગરીબોએ, એમાંથી ઘણો સમય ફેલફતુર, ફેશન વ્યવસન, સામાજીક માનમોટાઈને અર્થે વાપરી નાખ્યો અને પછી કહેશે કે મને મંદિરમાં આવવાનો સમય જ મળતો નથી ! આમને આમ તો આખું જીવન જતું રહેશે. હરિભક્ત તો સહેજ અંતરમુખી થઈને વિચારશે તો જરૂર સમજાશે.

રૂપિયા ન હોય તો થાળને અર્થે પણ નામું ન કરવું. આ વાક્ય શ્રીહરિની મક્કમતા સૂચવે છે. આ આજ્ઞાના પાલનને અર્થે કોઈ બાંધછોડ કરવી નહિ. થાળને અર્થે પણ નહિ ! અર્થાત્ જે ન હોય તેના વગર ચલાવી લેતાં શીખવું અને તે જ ખરી શ્રીમંતાઈ છે. આપણે કેટલા ધનવાન છીએ તેનો આધાર આપણી પાસે શું છે તેની ઉપર નહિ પરંતુ આપણે માત્ર કેટલી વસ્તુઓથી ચલાવી શકીએ છીએ તે છે. જે છે તેમાં સંતોષ રાખો જે નથી તેને પ્રાપ્ત કરવા ઠાલો સમય ન બગાડો. તે સમયમાં પ્રભુ ભજન કરો. ઈશ્વર ઈચ્છાથી તે પદાર્થની પ્રાપ્તિ થશે. હયાત વસ્તુના ઉપભોગથી જીવન જીવવાનો આનંદ આવશે. જે નથી તેની પ્રાપ્તિના ફાંફા મારવાથી વેદના સિવાય કશું પ્રાપ્ત થતું નથી. ટૂંકમાં ભૂખ્યા રહેવું પણ દેવું કરવું યોગ્ય નથી.

કોઠારમાં પહોંચ હોય તે પ્રમાણે નૈવેદ્ય ધરાવવું. આપણું ગજું ન હોય તેવું કાર્ય ન જ કરવું. ભગવાન બાજરીનો રોટલો આપે કે માલપૂડા બંને અવસ્થામાં રાજી રહેવું. કેમ કે રસાસ્વાદને ગૌણ કરીને કરવાનું તો પ્રભુ ભજન જ છે. શ્રીહરિ શિક્ષાપત્રીમાં પણ જણાવે છે કે આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત પોતાની શક્તિ પ્રમાણે કરવું. જાતિ-અવસ્થા-ધન ઈત્યાદિકને ધ્યાનમાં રાખીને જ વ્યવહાર કાર્ય કરવું. પછેડીથી મોટી સોડ કરવાથી ઊંઘ બગડે છે. તે સમજવું. શ્રીહરિ જે દિવસે ગાદીએ બેઠા ત્યારે તેમણે તેમના સમર્થ ગુરુ રામાનંદ સ્વામી પાસેથી બે વરદાન માંગી લીધેલાં છે. કે હે મહારાજ ! કોઈ પણ હરિભક્ત અન્ન વસ્ત્રે કરીને ક્યારેય દુઃખી ન રહે. આપણાં અન્ન વસ્ત્ર તો શ્રીજી મહારાજને માથે છે માત્ર આપણે

તેમના થવાનું છે. તેમના થવું હોય તો, ધર્મવંશી આચાર્ય થકી મંત્રદીક્ષા લેવી, તેમને નામવેરો અર્પણ કરવો, નિયમિત ધર્માદા કાઢવો અને શિક્ષાપત્રી પ્રમાણે રહેવું. જો આપણે આટલું કરીશું તો આપણે અન્ન વસ્ત્રની ચિંતા નથી. સ્વામિનારાયણનો સાચો આશ્રિત ક્યારેય દુઃખી હોતો નથી. તેનું આ રહસ્ય છે.

મંદિરમાં ઉત્સવ નિમિત્તે પણ જે કાંઈ ખર્ચ કરવો તે કોઠારની આવક પ્રમાણે કરવો. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે ક્યારેક તો ઉત્સવ લાખો રૂપિયાના ખર્ચે થાય અને ક્યારેક તો તુલસીપત્રે કરીને પણ થાય. જેવી શ્રીહરિની ઈચ્છા. આપણે તો ઉત્સવે કરીને આનંદ છે. તેમાં કેટલી સામગ્રી વાવરી તેણે કરીને આનંદ નથી. સાચો ઉત્સવ જ એ છે કે, જેણે કરીને શ્રીજીની સ્મૃતિ થાય. પ્રવૃત્તિ ખૂબ થાય પણ જો શ્રીજીની સ્મૃતિ ન રહે તો તે અર્થહીન છે. શ્રીહરિએ જ્યારે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે માત્ર એકજ દિવસમાં ચોર્યાસીની સામગ્રી ભેગી કરી. તેનું અતિ સુંદર વર્ણન સત્સંગીભૂષણમાં છે. ત્યારે પણ મહારાજે બીજે જ દિવસે બધો હિસાબ ભરપાઈ કરી દીધેલ. પોતે જે પ્રમાણે વર્ત્યા છે તે જ પ્રમાણે વ્યવહાર રાખવાની ભલામણ આપણને આપણી સુખાકારી માટે જણાવેલ છે. આજના જમાના પ્રમાણે કહીએ તો બજેટ આયોજન Budget Planning વગર કોઈ કાર્ય આરંભાય નહિ. નહિ તો તે Project કાર્ય નિષ્ફળતાને વરે અને ઘણું દુઃખ ઉદ્ભવે.

શ્રીહરિ પોતે તો સંસ્કૃતમાં પ્રકાંડ પંડતિ હતા તે શાસ્ત્ર વચન વગર ક્યારેય કાંઈ કરતા કરાવતા નહિ. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો શ્લોક ટાંકીને તેઓશ્રી જણાવે છે કે ભગવાન પદાર્થના નહિ પરંતુ ભાવના ભૂખ્યા છે. તે આપણે જે કાંઈ તેમને અર્પણ કરીએ છીએ તેમાંનો ભાવ તેઓ સ્વીકારે છે અને તે પ્રમાણે આપણને ફળની પ્રાપ્તિ થાય છે. આજ વાત શ્રીહરિએ માનસી પૂજા કરવાની રીતિમાં જણાવી છે. પર્વતભાઈ જેવા ભક્તરાજ માનસી પૂજામાં રોટલોને દહીં ધરાવતા ત્યારે ધક્કો વાગવાથી દહીં બધું અહીં ઢોળાયું તે બધો ઈતિહાસ આ સંપ્રદાયમાં મોજુદ છે. તેથી પરમકૃપાળુ પરમાત્માને આપણા પદાર્થો કરતાં આપણી ભાવનાની કિંમત વધુ છે તે નિશ્ચે છે.

આ બધું લખ્યા પછી પણ તેઓ આપણને જણાવે છે કે આ પ્રમાણે સર્વેને સાવધાન થઈને વરતવું. અર્થાત્ આમ વર્તવામાં જરાપણ બેદરકારી રાખવી નહિ. દેવને અર્થે-મંદિરને અર્થે ક્યારેય પણ, કશું પણ, કોઈપણ નિમિત્તે કરજ ન જ કરવું. ખરેખર તો આપણા હૃદયમાં બિરાજમાન ભગવાનના આ શરીરરુપી મંદિરના આપણે એટલે કે આ જીવ, તે મંદિરના અધિકારી છે તેથી આ જીવે આ શરીરરૂપી મંદિર માટે કરજ ન કરવું. આ શરીર દેનાર પરમાત્માનું ઋણ સદાયે આપણે યાદ રાખી નિત્ય પ્રત્યે સમયનો દશાંશ ભાગ દેવ સેવામાં કાઢવો. શરીરને જન્મ આપનાર માતા પિતાના સદાય આપણે ઋણી છીએ તે આજીવન પર્યંત આપણે તેમની સેવા કરવી જ જોઈએ. આત્માના કલ્યાણ અર્થે જે ગુરુ - ધર્મવંશી આચાર્યશ્રીએ આપણને શ્રીહરિ ઓળખાવ્યા છે તેમની મંત્રદીક્ષાની ઓછામાં ઓછી એક માળા પ્રતિદિન કરવી જ જોઈએ. ક્યારેક કદાચિત કોઈ હરિભક્તનો દ્રોહ થઈ ગયો હોય તો, આપણે નિત્યપ્રત્યે નિયમના દંડવત્ પ્રમાણ કરતાં એક દંડવત પ્રણામ અધિક કરવો જ. આમ કરવાથી કંઈક અંશે આપણે ઋણ મુક્ત થઈ શકીશું.

છેલ્લે ચેતવણી આપતાં આપણને જણાવે છે કે, આ પ્રમાણે નહિ વર્તે તે અમારો સત્સંગી નથી જે જીવને મહારાજ એમ કહે કે આ અમારો નથી તેને તો, કાળ કર્મ માયા ઈત્યાદિ શક્તિઓ પીડવા માટે તૈયાર છે જ. તેના કલ્યાણની વાત તો બાજુએ રહી પણ આ લોકમાં તે સુખેથી જીવી પણ શકતો નથી. વળી આ આજ્ઞાનું ઊલ્લંઘન કરીને વર્તનાર વચનદ્રોહીને ગુરુદ્રોહી છે તેવું સ્વયં ભગવાન પોતે લખે છે. વચનદ્રોહ અને ગુરુદ્રોહના પાપનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં પણ કહ્યું નથી. માટે આપણા હિત માટે લખાયેલી આ વાતને ખૂબ ગંભીરતા પૂર્વક વાંચવી - વિચારવી અને નિરંતર તેમ વર્તવાનો ખટકો રાખવો ને તેમાં શ્રીહરિનો રાજીપો છે.

# "એ લટકું હજી પણ મને વિસરાયું નથી !"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

(ગતાંકથી) (દલપત શૃંખલા-૨)

ગુજરાતી પ્રજા પાસેથી 'કવીશ્વર'નું બિરુદ પામનાર દલપતરામનાં આ શબ્દો છે. સિત્તેર વર્ષની પ્રૌઢ ઉંમરે એમણે આ શબ્દો કહ્યાં છે. વાત આમ બની હતી.

વિક્રમ સંવત ૧૮૮૪ ની વસંત પંચમીએ દલપતરામનો ઉપનયન સંસ્કાર થયો હતો. એ વખતે તેઓ આઠ વર્ષના હતા. એ વસંત પંચમીએ દલપતરામ બ્રાહ્મણ થયા. બ્રાહ્મણભાવે સોરઠમાં હવે વિચરવા લાગ્યા. દક્ષિણા મળતી ને દેશ જોવાતો. પ્રથમ બ્રાહ્મણ પર્યટનમાં જ દલપતરામને દક્ષિણા મળી ને સાક્ષાત્ હરિદર્શન થયાં !

ફાગણ સુદ આઠમ (સંવત ૧૮૮૪) ના રોજ ગઢડામાં કનકા તરવાડીએ પોતાની માતાનું વર્ષી હતું તેથી ગોહીલવાડના છત્રીશ પાદર ઘેર તેડ્યાં હતાં. વઢવાણથી ચાલીશેક શ્રીમાળી બ્રાહ્મણો ગઢડે ગયા હતા. દલપતરામના પિતા ડાહ્યા વેદિયા પણ એમાં હતા ને સાથે પુત્રનો બ્રાહ્મણ હક્ક બ્રહ્મમંડળમાં સ્થાપિત કરવાને વાસ્તે આઠ વર્ષના પુત્ર દલપતરામને પણ લેતાં ગયા હતાં.

સંવત ૧૮૮૪ ની શિવરાત્રીનો સમૈયો ગિરનારની છાયામાં જૂનાગઢમાં શ્રીહરિએ ઉજવ્યો હતો, તે પછી શ્રીજી મહારાજ ગઢપુર પધાર્યા. બ્રાહ્મણોએ વાત સાંભળી કે શ્રીજી મહારાજ પધારી રહ્યાં છે. એટલે એ સૌ બ્રાહ્મણો શોભાયત્રા જોવા સારું બજારમાં ગયા. નહિ અંધારુ, નહિ અજવાળું-સંધ્યા કાળનો સમય હતો. શ્રીજી મહારાજ માણકીએ અસ્વાર હતા. સંતો હરિભક્તો અને પાર્ષદોનો સંઘ સાથે સાથે ચાલી રહ્યો હતો. કીર્તનો ગવાતાં હતાં. ધીમે ધીમે રાજેશ્રી પગલે શોભાયાત્રાની સવારી આગળ વધતી હતી. બજારના ચોક વચ્ચે કીર્તન મંડળી ઘડીક થંભી - જાણે ગામને કહેતી ન હોય કે "શ્રીજી મહારાજ આવ્યા છે !"



શ્રીજીની સવારી દાદા ખાચરના દરબારમાં પધારી. પિતા ડાહ્યાભાઈ તથા સકળ બ્રહ્મમંડળની સંગાથે બાળક દલપતરામ પણ દરબારમાં શ્રીજી મહારાજના દર્શને ગયાં. ઉગમણાં બારના ઓરડાની ઓશરીએ ઢોલિયો ઢળાવી મહારાજ વિરાજેલા હતા. વઢવાણના ભૂદેવોને સભામાં પધારતા જોઈ, શ્રીજી મહારાજે હસ્તે વદને એમને આવકાર્યા. નાનકડા દલપતની દૃષ્ટિને વૃત્તિ તો શ્રીજી મહારાજમાં જ પ્રોવાઈ ગયાં હતાં ! નાનકડી આંખો જાણે મટકું મારવાનું ય વિસરી ગઈ. શ્રીહરિની એ અલૌકિક મૂર્તિ બાળ દલપતની આંખોમાં વસી ગઈ.

બ્રહ્મ સમાજને નિરખીને મહારાજે બ્રાહ્મણના ધર્મ વિશે ઉપદેશાત્મક વાતો કરી. બ્રાહ્મણો રાજી થયા. એ સર્વે શ્રીજી મહારાજની જય ઉચ્ચારતાને ઉઠતા હતા. ત્યાં જ શ્રીહરિએ પ્રશ્ન કર્યો, "ભૂદેવો છો, પૃથ્વીના પૂજ્ય છો, હવે કોઈ વર્તમાન ધારો છો ? બ્રાહ્મણો પંચવર્તમાન પાળે તો બીજી વર્ણો યે પાળતાં શીખે. અમે કાંઈ અધર્મ ઉપદેશતા નથી. શાસ્ત્ર સંમત સદ્ધર્મ સ્થાપીએ છીએ. અમે શાસ્ત્રોને ઉથાપવા નથી આવ્યા, શાસ્ત્ર મર્યાદાને સ્થાપવાને માટે આવ્યા છીએ. શાસ્ત્રને બ્રાહ્મણ અમારે સદા પૂજ્ય છે.

આવાં સુંદર વચનો સાંભળી કેટલાક બ્રાહ્મણો વર્તમાન ધારવાને ઊભા થયા. દલપતરામના મામા પ્રેમાનંદ પણ ઊભા થયા અને ત્યાં ને ત્યાંજ શ્રીજીના વરદ્ હસ્તે પંચવર્તમાન ધારણ કર્યા. આઠ વર્ષનો દલપત કુતુહલ નજરે આ બધું જોઈ રહ્યો હતો. દલપતરામને શ્રીજી મહારાજનાં આ પહેલાં અને્ છેલ્લા પ્રત્યક્ષ દર્શન હતાં. પરંતુ આ પ્રથમ દર્શનની વેળાએ જ શ્રીજીમહારાજ નવ બ્રાહ્મણ બનેલા દલપતરામને એક જીવન સંભારણું આપતા ગયા. બાળ માનસની કોરી પાટી પર શ્રીહરિની સૌમ્ય મૂર્તિ અને એમનાં શિખામણનાં બોધ-શબ્દો બરાબર કોતરાઈ ગયાં.

સારોય સંપ્રદાય જાણે છે કે માણકી ઘોડી શ્રીજીની માનીતી ઘોડી હતી ને ભગૂજી પાળા શ્રીજીના માનીતા પાર્ષદ હતા.

શોભાયાત્રા જ્યારે દરબારગઢમાં સંપન્ન થઈ ત્યારે શ્રી સહજાનંદ સ્વામી મહારાજે માણકીએથી ઉતરી હાથ લાંબો કરી ભગૂજીને કહ્યું ‘‘ભગૂજી ! ઘોડીને પાવરો ચઢાવજો’’ સાદી વાતને સાદી કડી જ હતી, પરંતુ આઠ વર્ષના દલપતરામના અંતરમાં એ લાંબો હાથ કરીને - લટકું મારીને ભગૂજીને માણકીને પાવરો દેવાની વાત કરવાની શ્રીહરિની છટા એવી તો અંતરમાં વણાઈ ગઈ હતી કે સિત્તેર વર્ષની જૈફ વયે કવીશ્વર દલપતરામ લખે છેઃ ‘‘એ વાક્યને એ લટકું મારા અંતઃકરણમાં એવાં તો સજ્જડ ચોંટી ગયાં છે કે **‘‘એ લટકું હજી પણ મને વિસરાયું નથી!’’**

સંપ્રદાયમાં પ્રસંગ છે કે સ્વામી તુલસીદાસ જ્યારે ચાલીશ વર્ષના હતા ત્યારે કાશીની યાત્રાએ નીકળેલા. રસ્તામાં મારગ ભૂલ્યા તે એક ગામની ભાગોળે કૂવે બાઈ પાણી ભરી રહી હતી. સ્વામીએ બાઈને કાશીનો મારગ પૂછ્યો - એ બાઈ યુવાન હતી - નખ શીખ સુંદર હતી. માથે માટલું મૂકતાં મૂકતાં હાથ લાંબો કરીને લટકા સાથે દિશા બતાવતા કહ્યું, ‘‘સ્વામી આમની કોરે ચાલ્યા જાવ કાશી આવશે !’’ બીજા ચાલીશ વર્ષો પછી એટલે કે સ્વામી એંશી વર્ષના હતા ત્યારે મુક્તાનંદ સ્વામીને નિખાલસ પણે વાત કરેલી કે ‘‘સ્વામી ! આજે એંશી વર્ષે પણ એ બાઈનું લટકું અને લહેકું અંતરમાંથી ખસતું નથી કે વિસરાતું નથી !’’

આ તો માયિક લટકાની અને લહેકાંની વાત છે. જો માયિક લટકું આટલું પાવરફુલ હોય તો પરમેશ્વરનું એ લટકું કેટલું આકર્ષક હશે ! કવીશ્વર દલપતરામ આગળ લખે છે. ‘‘સાચું પૂછો તો સ્વામી શ્રી સહજાનંદજીના મુદ્રા આકર્ષણં જ એવાં હતાં કે સિત્તેર સિત્તેર વર્ષના સંસાર - પડછાયા પણ એ આકર્ષણના અક્ષરોને ભૂંસી શકતા નથી!’’

વાત માણકી ઘોડીને પાવરો ચઢાવવાની કરેલી પરંતુ શ્રીહરિનો એ અલૌકિક હાવભાવ અને નાનુંશું એક વાક્ય કવિ દલપતરામને જાણે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અંગિકાર કરવાનું આહવાન આપતાં ગયાં........ કેવી રીતે તો આવતા અંકે નિહાળીશું !!

**અંક ન મળવા અંગે સૂચન**

**‘‘શ્રી સ્વામિનારાયણ માસિક’’ દર માસની ૧૧ તારીખે નિયમિત ચોક્કસાઈથી દરેક સભ્યોને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. છતા ૨૦ તારીખ સુધીમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટમાં તપાસ કરાવી અત્રે જાણ કરવી. સ્ટોકમાં હશે તો આપને ફરી ટપાલ દ્વારા મોકલવામાં આવશે. અંકના કોઈપણ કામ અંગે સવારે ૧૦-૦૦ થી ૫-૦૦ દરમ્યાન જાણ કરવી.**

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

**જેતલપુર : www.jetalpurdarshan.com**
**મહેસાણા : www.mahesanadarshan.org**
**છપૈયા : www.chhapaiya.com**
**ટોરડા : www.gopallalji.com**
**નારણઘાટ : www.narayanghat.com**
**વડનગર : www.swaminarayanmandirvadnagar.com**
**પ્રયાગ : www.prayagmilan.org**
**અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com**
**ઈડર : www.gopinathjiidar.com**
**નારણપુરા : www.sankalpmurti.org**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી



યોગ વિદ્યાથી માંડી દરેક શાસ્ત્ર, કલાના જાણકાર શ્રીજી મહારાજ સંગીતના પણ જબરજસ્ત જાણકાર - ચાહક હતા. દૂર દૂરથી સંગીતકારો તેમને પોતાનું સંગીત સંભળાવવા આવી પોતાની જાત માટે ધન્યતાનો અનુભવ કરતા. આપણા નંદ સંતોમાં પણ કેટલાક સંતો સંગીત વિદ્યામાં પ્રખર હતા. એક વખત ગઢપુર ખાતે દાદાખાચરના દરબારમાં લીંબતરુના વૃક્ષ નીચે આવીજ એક સંગીત સભા શ્રીજી મહારાજના સાંનિધ્યમાં યોજાઈ હતી. લખનઉથી તે સમયના ભારતના પ્રખ્યાત સંગીતકારો આપણા ગવૈયા સંતો સાથે જુગલબંધી કરવા ખાસ આવ્યા હતા. જેમણે સંગીત વિદ્યા આપી, જેમને સૂર આપ્યા છે તેમની જ સમક્ષ તે વિદ્યા પ્રદર્શિત કરવાનો મોકો મળે પછી કોઈ શુ કામ કોઈ કસર છોડે ? દરેકે મન મૂકી ને પોતાની કલા શ્રીહરિ સમક્ષ મૂકવાની હોડમાં એક એકથી ચડિયાતી રચનાઓ રજૂ કરી. અને નિર્જીવ લાગતા લીંબતરૂને પણ ડોલાવી દીધો.મુક્તાનંદ સ્વામીએ સંગીતના તાલ સાથે તાલ મીલાવી પગ વડે કંકુથી હાથી બનાવ્યો તો પ્રેમાનંદ સ્વામીએ દીખલા દીદાર પ્યારા મહેબુબ હમારાની શીઘ્ર રચના કરી લખનૌના ગાયકોનું ગાનવિધાન અભિમાન ઓગાળ્યું હતું. (આ પ્રસંગ તથા તેને લગતી પ્રસાદીની વસ્તુઓ હોલ નંબર ૪માં દર્શાવેલ છે.) આવી સંગીત પ્રેમની પરંપરા ધર્મકુળમાં પણ સ્વાભાવિક રીતે ઉતરી આવી છે. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના કીર્તનના પદો સંપ્રદાયમાં પ્રચલિત છે. વળી પ.પૂ.આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ ભારતના ઉસ્તાદ ગાયકોને પોતાના નિવાસ સ્થાને બોલાવી કે ગાયકો પાસે જઈ સંગીત-ગાઈકીનો નિજ આનંદ માણતા તેમજ દિગ્ગજ ગાયકોને સન્માનતા તે જ પરંપરાને આગળ ધપાવતા આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી પણ સંગીતની ખૂબ ઉંડી સૂઝ ધરાવે છે.(મ્યુઝિયમમાં વાગતું મધુર સંગીત તેમણે જાતે પસંદ કરી આપેલ છે.) હમણા તાજેતરમાં જ મ્યુઝિયમ ખાતે કિલ્લા પારડીના ગવૈયા સ્વામી હરિપ્રસાદદાસજી તથા સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીના સહયોગથી આગ્રા ઘરાનાના પ્રસિધ્ધ શાસ્ત્રીય ગાયક ઉસ્તાદ અસ્લમ ખાન સાહેબને ખાસ નિમંત્રી તેમની ગાયકીને માણી હતી તેમજ તેમનું યથાયોગ્ય સન્માન પણ કરાયું હતું.

-પ્રફુલ ખરસાણી

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - એપ્રિલ-૨૦૧૫

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. અપૂર્વભાઈ અનંતરાય ધોળકીયા, મુંબઈ |
| રૂા. ૧૦,૦૦૧/- | પ.ભ. એચ. આર. શેલત, અમદાવાદ |
| રૂા. ૫,૧૨૧/- | પ.ભ. ભરતસિંહ બાલુબા, સમલા, તા. લીંબડી |
| રૂા. ૫,૧૦૦/- | ઘનશ્યામભાઈ ગોરધનભાઈ પટેલ, વહેલાલ |
| રૂા. ૫,૦૦૧/- | પ.ભ. નિહાર, દેવલભાઈ પટેલ, વર્ષગાંઠ નિમિત્તે, વસ્ત્રાપુર |
| રૂા. ૫,૦૦૧/- | પ.ભ. સુરેશભાઈ શીવજીભાઈ રાબડીયા, માંડવી |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. પટેલ લીલાબેન ગોરધનભાઈ, કુબડથલ. |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. નિલેષભાઈ દેવચંદભાઈ ડોબરીયા, પુત્ર જન્મ નિમિત્તે હિરાવાડી-બાપુનગર |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. મંગુબેન મથુરભાઈ પટેલ, મોખાસણ |
| રૂા. ૫,૦૦૦/- | જલારામ એન્ટર પ્રાઈઝ, વટવા-જી.આઈ.ડી.સી. |
| રૂા. ૫,૦૦૦/- | ગં.સ્વ. ગૌરીબેન અમૃતભાઈ પટેલ હ. જતીન તથા રિતેષ, મણીનગર |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. દર્શક શાહ પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ દિન પ્રસંગે, હૈદ્રાબાદ |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. કાંતિલાલ નારણદાસ પટેલ, અખાત્રીજ તા. ૨૧-૪-૧૫ નિમિત્તે હાંસોલ (પુંધરા) |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. મીનાબેન કે. જોષી, બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | પ.ભ. કમલેશભાઈ એચ. શાહ, અમદાવાદ |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - એપ્રિલ-૨૦૧૫

| | |
|---|---|
| તા. ૦૭-૦૪-૧૫ | આઈ.એસ.એસ.ઓ. શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની દશાબ્દી મહોત્સવ તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે હ. નાના પી.પી. સ્વામી તથા રામ સ્વામી |
| તા. ૧૨-૦૪-૧૫ | સવારે : જગદીશભાઈ વાઘજીભાઈ પટેલ નવાવાડજ, હાલ વાઘોડીયા<br>સાંજે : ચેતનાબેન સુરેશકુમાર પટેલ, સુરત |
| તા. ૧૭-૦૪-૧૫ | અ.નિ. પ્રવિણકુમાર બાબુભાઈ પટેલ ઝુલાસણવાળા હ. તેજસ તથા રીટાબેન, રાણીપ |
| તા. ૧૯-૦૪-૧૫ | નિતાબેન હિંમતલાલ ભાવસાર, બાપુનગર |
| તા. ૨૪-૦૪-૧૫ | શામજી કરશન પટેલ, દહીંસરા-કચ્છ |
| તા. ૨૬-૦૪-૧૫ | અરવિંદભાઈ પી. ઠક્કર, શીતલ ઓટો |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com





# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## અમદાવાદના કેશવ પંડિત

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

(ગતાંકનું ચાલું -)

'આજે મીઠાની કોથળી સમુદ્રનો તાગ લેવા માટે આવી છે.'' અમદાવાદમાં વિરાજમાન સ્વામિનારાયણ ભગવાન પાસે કેશવ પંડિત વિવાદ કરવા માટે આવ્યા છે. સભામાં કેશવ પંડિતને જેમ તેમ બોલતા જોઈ ઉભા થઈ ગયેલા જેસંગભાઈને મહારાજે બેસારી દીધા એ જોઈને કેશવ પંડિતને એમ થયું હવે હું જીતી લઈશ. કારણ કે મને આ લોકોની બીક હતી કે આ કોઈ ઉભા થઈ જાય તો એ બહુ જણ છે અમે બે જણ છીએ. પણ સ્વામિનારાયણ ભોળા છે. એક જણ બહાદૂર ઉભો થઈ ગયો તેને પણ બેસારી દીધો. હવે આપણો વારો છે અને કેશવ પંડિત પ્રભુને ફાવે એવી વાણી બોલવા માંડ્યો. પ્રભુને કહે છે કે તમે શું ભણ્યા છો ? શ્રીજી મહારાજ કહે છે અમે કાંઈ જ ભણ્યા નથી. તમને આ લોકો બધાય કહે છે, સાક્ષાત્ ભગવાન છો ? મહારાજ કહે, આ બધાને તમે જ પૂછો. અમારી સામે ઝઘડવાની શી જરૂર, જે કહેતા હોય એને જ પૂછો.

આ સભામાં બાઈઓ ભાઈઓ બધાજ તમે કહો છો એમ શા માટે કરે છે ? શ્રીજી મહારાજ કહે છે, તમે ઉભા થઈને ના પાડી દો, ભાઈ ! કોઈ સ્વામિનારાયણ ભગવાનની વાત માનશો નહીં. મને એ તો બતાવો કે આ બધા તમને આટલા બધા આધીન કેમ થઈ ગયા છે ? શ્રીજી મહારાજ કહે છે, અમનેય ખબર નથી આ કેમ આધીન થયા છે ? અમે કોઈનેય કહ્યું નથી અમને આધીન થઈ જાઓ. પણ એ બધા આધીન થયા છે.

આટલું બોલતામાં તો કેશવ પંડિતને એમ થયું, મારો વટ પાડી દઉં. સ્વામિનારાયણ ભણ્યા નથીને એટલે આપણો વટ હવે પડી જશે. હું ચારવેદ ભણ્યો છું, અને સ્વામિનારાયણને કાંઈ આવડતું નથી. એટલે માંડ્યો સંસ્કૃત બોલવા. સંસ્કૃતમાં પ્રવચન આપવા માંડ્યો, સંસ્કૃતમાં પ્રશ્નો પૂછવા માંડ્યો. એટલે શ્રીજી મહારાજ કહે છે, પંડતિજી આ તમે શું બોલો છો અમે તો કાંઈ સમજતા નથી. અમે તો સંસ્કૃત જાણતા નથી, કશું ભણ્યા નથી અને તમે આટલું બધું બોલવા માંડ્યા છો. તમે સંસ્કૃત નથી જાણતા ? બીલકુલ નથી જાણતા. તો આ તમારા ચેલાઓ તો સંસ્કૃત બોલતા હતા. હું આવ્યો ત્યારે વેદસ્તુતિ બોલતા હતા એ મેં સાંભળ્યું છે. જો તમે સંસ્કૃત ન જાણતા હો તો તમારા આ શિષ્યો વેદો ક્યાંથી બોલે ! શ્રીજી મહારાજ કહે છે, એ ક્યાંકથી શીખી લાવ્યા હશે. ક્યાંથી શીખે ? તમે ખોટી વાત ન કરો. મહારાજ કહે સાચી વાત કહી દઈએ. પેલો છોકરો બેઠો છે ને સભામાં, એ એમનો ગુરુ છે. એણે બધાને વેદ ભણાવ્યા છે. સ્વામિનારાયણ ભગવાને કોઈ લઘરવઘર કપડા વાળો મેલો ઘેલો પંદર-સોળ વર્ષનો કિશોર બેઠેલો એ સામે હાથ લાંબો કર્યો. કેશવ પંડિતને એમ થયું. આ છોકરામાં તો કાંઈ દમ નથી. કાંઈ કપડાં ઉપર ઠેકાણું નથી. કોણ જાણે કઈ જ્ઞાતિનો હશે ! એ કાંઈ વિશ્વાસ નથી ને સ્વામિનારાયણ કહે છે - છોકરાએ બધાને વેદ શિખવાડ્યા છે.

પ્રભુના કહેવાથી બાળક સભામાં નજીક આવ્યો. કેશવપંડિતને ભગવાન કહે છે, હવે પૂછો, એને જે જે પૂછવું હોય. પંડિતે પૂછ્યું, તું વેદ જાણે છે ? હા, ખરો નીકળ્યો. આ છોકરો એકદમ હાકોટા સાથે બોલ્યો - હું વેદ જાણું છું. પંડિતને થયું કે આ વેદ શું જાણે !! કપડાંનું ઠેકાણું નથી, ધૂળવાળુ શરીર છે. અને એ વેદ જાણે !! જો જાણે છે તો બોલ, અને બાળક માંડ્યો બોલવા. ઋગવેદની કારીકાઓ, સામવેદના મંત્રો, અથર્વવેદના મંત્રો બોલવા જ માંડ્યો. થોડીવાર પછી પંડિતજી એકદમ ડઘાઈ ગયા. પ્રભુને કહે છે આ તમે બહુ જ ખોટું કર્યું છે. અધર્મ કર્યો છે. શું થયું પણ ? આવા મેલાં ઘેલાં ઠેકાણાવગરના માણસને કાંઈ વેદ શીખવાડાય ! મહારાજ કહે છે, પંડિત તમે આવા કેવા છો ? અમે તો સંસ્કૃત જાણતા જ નથી અમે ક્યાં શીખવાડીએ. તમારા જેવા કોઈક પંડિતે એને રૂપિયા લઈને શીખવાડેલા હશે. અમે તો સંસ્કૃત જાણતા નથી, અમે ક્યાંથી ભણાવીએ.

થોડીવાર થઈ એટલે પંડિતને એમ થયું, લાવને આ છોકરાની પરીક્ષા લઉં અને પૂછ્યું, તુ જે ઋચાઓ બોલ્યો, વેદમંત્રો બોલ્યો એનો અર્થ સમજાવ અને તર્ત જ આ ભાટ પુત્ર આ અજ્ઞાની બાળક અર્થો બોલવા લાગ્યો.

એક પછી એક અર્થો અને વિવરણ સાંભળ્યું અને પંડિતજીનો ઉંડે ઉંડેથી દરવાજો ઉઘડવા માંડ્યો. વેદના આ અર્થોને સમજવા માટે, વેદના આ શબ્દોને જાણવા માટે જીંદગી ઓછી પડે એ આ અજ્ઞાની અને સાવ લઘરવઘર દેખાતો બાળક મારાથી પણ અધિક રીતે એની રજૂઆત કરે. આમાં કાંઈક કારણ છે. આ બાળક નથી બોલતો પણ સ્વામિનારાયણ ભગવાન મને કહી રહ્યા છે કે પંડિતજી ! શ્લોકો ગોખવા કે પુસ્તકોની લીટીઓ મગજમાં ભરવી એ કોઈ મોટી વાત નથી. એ તો આ બાળકના મસ્તકમાં પણ ગોઠવી શકાય છે. પણ હૃદયમાં ભક્તિનો ઉમેરો થાય, પોતાનું મસ્તક પરમાત્માના ચરણમાં નમે એ બહુ મોટી વાત છે. સ્વીકારવા જેવું એ છે, સમજવા જેવું એ છે. બાકી માહિતી એકઠી કરવાથી કાંઈ મોક્ષ મળતો નથી.

પંડિતજીને મનમાં અજવાળું થયું. ભગવાનમાં દ્રઢ વિશ્વાસ થયો. થોડો થોડો નિશ્ચય ઉગવા માંડ્યો. આ બધા બેઠા છે એ સમજીને બેઠા છે. હું એકલો અણસમજુ કે અહીં ઝઘડો કરવા આવ્યો. મારા મનમાં તો એમ હતું, સ્વામિનારાયણ સાથે ઝઘડો કરીને માફી મંગાવું અને આવતીકાલે અમદાવાદમાંથી રવાના કરી દઉં, એમના દેશમાંથી જ્યાંથી આવ્યા હોય ત્યાં ચાલ્યા જાય. પણ કેશવપંડિત ધીમેથી એકદમ હાથ જોડી જ્યાં મસ્તક નમાવે છે ત્યાં એમનો પેલો લાલ આંખો વાળો ભાઈબંધ બેઠેલો તે એકદમ બોલી ઉઠ્યો. અરેરે... આ શું ! આ શું કરો છો ? આપણે તો સ્વામિનારાયણને પગે લગાડવાની વાત છે. તમે શા માટે પગે લાગો છો ? હું હજું બેઠો છું. એટલે પંડિત કહે છે, મૂર્ખ તું જતો રહે. એટલે ગાળો દેનારો ઉદ્ધત આ પંડિતને ગાળો દેવા માંડ્યો. કહેવત છે કે કોઈપણ દુર્જનને નિભાવો તો એ તમને પણ ક્યારેક હેરાન કરે. સર્પને દુધ પાઓ તો એ દૂધ પાનારને બચકું ભરે. મિત્ર તરીકે સાથે આવેલો એ દુર્જન પંડિતને જ ગાળો દેતો દેતો ચાલ્યો ગયો અને પંડિતજી ઉભા થઈ સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં નમ્યા, દંડવત કર્યા.

આ કેશવપંડિતનું જ્ઞાન હવે દિશા બદલે છે. હવે એમાં ભક્તિ ઉમેરાય છે. પછી જુઓ જ્ઞાનનો સ્વાદ !! જ્ઞાનમાં જો ભક્તિને ઉમેરી દો ને તો અદ્‌ભુત સ્વાદિષ્ટ બની જાય છે. એટલે ભક્તિનો આનંદ આવે છે. જીંદગી સુખમય બને છે. પ્રભુને કહે છે, હે બ્રહ્મન્યદેવ નિગમ અને આગમના કારણ તો તમે પોતે છો. વેદપ્રવર્તાવનારા હે પરમાત્મા તમે સ્વયં છો. હે વિશ્વપતિ ! ધર્મે સહિત ભક્તિની રક્ષા કરવા માટે આ કળિકાળમાં તમે પ્રગટ્યા છો. હે નારાયણ મુનિ હે વિશ્વંભર ! હે ભગવાન ! મારો અપરાધ માફ કરજો. હું અહી આવીને જેમ તેમ બોલ્યો, મને ક્ષમા કરો, ક્ષમા કરો.

શ્રીજીમહારાજે અભયદાન આપ્યું. અગિયાર નિયમ ધારણ કરાવ્યા. કેશવ પંડિતને કંઠી બાંધી. પંડિતજી તો આગળ વધ્યા. મહારાજ ! આટલું પુરતું નથી, મારે અત્યારે સાધુ થઈ જવું છે. આ જે સંતો બેઠા છે એમની સાથે મારે બેસી જવું છે. ત્યાં તો કેશવ પંડિતની માતા સભામાંથી ઉભી થઈને કહે છે, હે મહારાજ ! એમને સાધુ ન કરશો. કારણ એ મારો એકનો એક દીકરો છે મારે એને પરણાવવાનો છે. આ માજી સાચું બોલી દે છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે. પંડિતજી તમારે સાધુ થવાની કોઈ જરૂર નથી. સીધા થવાની જરૂર છે. આવી રીતે વાંકા ન થતા. હું જાણું છું, હું ભણ્યો છું, સમજું છું એટલે બીજાને ઝુકાવું, બીજાને નમાવુ એ વાંકા કહેવાય. તમારા જ્ઞાનનો તમારી વિદ્યાનો સદ્‌પયોગ કરો. જેની પાસે જ્ઞાન ન હોય, જેની પાસે વિદ્યા ન હોય એને જ્ઞાન અને વિદ્યાનું દાન કરો. પંડિતજી તમારૂં કલ્યાણ થશે. ઘેર જાઓ તમારી માતાની સેવા કરો, અને અમારૂં ભજન કરજો.

મહારાજ ! ભલે મને સાધુ ન કરો હું તમારૂં ભજન કરીશ, મારી માની સેવા કરીશ. પણ મારી એક બીજી વિનંતી છે. જ્યારે જ્યારે તમે અમદાવાદ પધારો ત્યારે ત્યારે મારે ઘેર થાળ જમવા આવજો. તથાસ્તુ । શ્રીજી મહારાજે એ આમંત્રણ સ્વીકાર્યું.

વ્હાલા ભક્તો ! કેશવપંડિતના આખ્યાનમાંથી ઘણું ઘણું જાણવા સમજવા મળે છે. જરા ઉંડાણથી વિચારજો. ભગવાનની ભક્તિ વિનાનું જ્ઞાન અને વિદ્વતાનું કોઈ મહત્વ નથી. માટે શિક્ષાપત્રીમાં પ્રભુએ કહ્યું કે - ''ભગવાનની ભક્તિને ઉપાસના ન હોય તો મોટો વિદ્વાન પણ અધોગતિને પામે છે.'' માટે ભગવાનનો દ્રઢ આશ્રય રાખીને ભક્તિ કરી લેવી. એમાં જ માનવ જીવનની સાર્થકતા છે.

●

## અપેક્ષાઓની આગથી ચેતવું

- નારાયણ બી. જાની (ગાંધીનગર)

પંચમહાભૂતમાં એક નામ આવે છે ''તેજ'' એટલે કે અગ્નિ, પ્રકાશ. આ અગ્નિ બહુ જરૂરી છે, ઉપયોગી છે પણ તેની મર્યાદામાં એટલે કે દિપક સ્વરૂપે કે સગડીમાં કે ચૂલામાં સિમિત હોય તો, પણ જો તે જ અગ્નિ જ્યારે

આગના સ્વરૂપમાં પરિવર્તિત થઈ જાય તો તે ઘણો વિનાશકારી બને છે. આગ બે પ્રકારની છે. એક બાહ્ય આગ જેવી કે કોઈ વિસ્ફોટ કે દુર્ઘટના સમયે લાગતી આગ કે જંગલમાં લાગે છે તેવી આગ. બીજી આગ છે આંતરિક આગ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અહંકાર વગેરે રૂપ આગ કે જે હૃદયમાં લાગે ત્યારે મનને એકદમ વિકૃત બનાવી દે છે.

બહાર લાગેલી બાહ્ય આગને તો ફાયર બ્રિગેડની મદદથી તરત જ ઓલવી શકાય છે. પણ હૃદયની આગ વડે વિકૃત બનેલી મનની ભૂમિને સુધારવા અથાગ પ્રયત્ન કરવો પડે છે, અશક્ય નથી. કેમ કે હવે તો રણની ક્ષારમયી ધરતી ઉપર પણ ખેતી કરવાના અખતરા સફળ થયા છે. તો મનની ક્ષારમયી ધરતી ઉપર સદ્‌વિચારની ખેતી કરવામાં નિષ્ફળતા તો ન જ મળે, પણ બગડેલા મનનું માર્જન બરાબર થવું જોઈએ. મનનું માર્જન કેવી રીતે થાય તે આ ટૂંકા દ્રષ્ટાંતથી સમજવું સરળ થશે.

એક પવિત્ર ગુરુના આશ્રમમાં રહીને કોઈ શિષ્ય ભગવાનનું ધ્યાન કરતા શીખ્યો. તેમાં તેને એવી સુંદર સિધ્ધિ સાંપડી કે હૃદયમાં પ્રભુનું દિવ્ય સ્વરૂપ તે પ્રત્યક્ષની જેમ જ દેખવા લાગ્યો. વખત જતાં આ શિષ્યને સંકલ્પ થયો કે મને જે આ દિવ્ય દર્શન થયા છે તેનો લાભ સર્વને આપું. વળી તેની સાથે સાથે પોતાની ખ્યાતિ પણ થાય. તેથી નર્મદાને કિનારે એક વિશાળ મંદિર બંધાવ્યું તે પોતે જેવા સ્વરૂપને દેખતો હતો તેવું જ સ્વરૂપ (મૂર્તિ) બનાવરાવીને મંદિરમાં પધરાવ્યું. બસ ! પછી હૃદયમાં દેખાતું દિવ્ય સ્વરૂપ અદૃશ્ય થઈ ગયું. તેમણે ગુરુ પાસે જઈને વાત કરી કે ગુરુદેવ ! મને આવું શાથી થયું ? મેં કોઈનું ખરાબ કર્યું નથી. થોડીવાર વિચાર કરીને ગુરૂએ કહ્યું કે જો તારા હૃદયમાં કોઈ એક પ્રકારનો અગ્નિ પેઠો છે. તે હજુ કીર્તિના લેબાસમાં જ છે એટલે વધારે નુકશાન કરી શક્યો નથી. પણ જો તું નહીં ચેતે તો મોટો ભડકો થશે ને તારી સાધનાની સિધ્ધિ હતી ન હતી કરી દેશે. હવે તારે તારા મનનું માર્જન કરવું પડશે. તારા બંધાવેલા મંદિરમાં દરરોજ બે વખત વાળજે તે મંદિરની ધૂળમાં આળોટજે ને જેટલા માણસો દર્શનાર્થે આવે એ બધાંને વંદન કરતો રહેજે. આ પ્રમાણે એક વર્ષ વીતે પછી મારી પાસે આવજે. હું તને ફરીથી માર્ગ બતાવીશ.

ગુરૂના કહેવા પ્રમાણે એક વર્ષ સુધી નિયમો રાખ્યાં, ત્યાબાદ તે પહેલાની જેમ ધ્યાનની સિધ્ધિને પામીને સુખી થયો. એ રીતે મનનું માર્જન કરવાથી હૃદયની આગમાં બળેલું મન યથાવત બને છે. આ લેખમાં ''હૃદયની આગ'' એટલે શું ? એનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી પણ વાંચીને સૌ કોઈ સમજી શકશે કે પોતાના હૃદયમાં કેવા પ્રકારની ''આગ'' સળગે છે. તે આગને ઓલવવાના પ્રયત્નો ભગવાનના ભક્ત, સત્‌પુરુષોની અનુજ્ઞામાં રહીને કરશો તો જરૂર સફળ થશો. લાગેલી આગથી થયેલ નુકશાનને દૂર કરી ખૂબજ લાભ પામી શકશો ને પોતાની દિવ્ય સંપત્તિને સુરક્ષિત રાખી શકશો.

ક્યારેક એવો અનુભવ થયો હશે કે માળા ફેરવતી વખતે આરતી વખતે, દર્શન કરતાં, પ્રસાદ વહેંચતા સમૈયા વખતે, મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે, પધરામણી કે પારાયણ વખતે કે આવા બીજા અનેક પવિત્ર પ્રસંગોમાં પણ એકાએક હૃદયમાં આવી આગ સળગી ઉઠે છે ને આત્માએ એકઠી કરેલી દિવ્ય સંપત્તિને ભસ્મસાત્ કરી મૂકે છે. જ્યારે હૃદયમાં આગ સળગી ઉઠે ત્યારે મનની ભૂમિ ઉપર ઉગેલા સદ્‌વિચારના વૃક્ષો ફળ આવ્યા પહેલાં જ કરમાઈ જાય છે. અને એ આગમાં મન ધગીને એવું તો બની જાય છે કે ફરીથી સદ્‌વિચારનું વાવેતર જલ્દીથી થઈ શકતું નથી. પરિણામે સદ્‌વિચારના વૃક્ષોમાંથી મળતાં મીઠાં ફળો આત્મા ચાખી શકતો નથી ને તેનું અધઃપતન થાય છે.

સ્વામિનારાયણ ભગવાને ગઢડા મધ્યના ૨૫ માં વચનામૃતમાં મનને અધઃપતન તરફ દોરી જતી મલિન વાસનાને ટાળવાના ઉપાય તરીકે સેવાને જ પ્રાધાન્ય આપ્યું છે - ''જેવું ઉકાખાચરને સેવા કરવાનું વ્યસન પડ્યું છે, તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણ માત્ર પણ રહી શકે નહી તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.''

ઉપર બતાવેલા ઉપાય દ્વારા આપણે આપણાં મનનું માર્જન કરી સદ્‌વિચારરૂપી વૃક્ષોનું વાવેતર કરી ભક્તિ, ભજનરૂપ તથા સત્સંગરૂપ પાણીનું સિંચન કરી સુખ, શાંતિ અને મોક્ષના મીઠા ફળોની પ્રાપ્તિ કરીશું તો આ મનુષ્ય જન્મની સાર્થકતા થઈ ગણાશે.

એ વાત તો ખરી જ છે કે - ''જેનું મન સુધર્યું તેનો મોક્ષ સુધર્યો. ''શાસ્ત્રો કહે છે કે -

''મન એવ મનુષ્યાણાં કારણં બન્ધ મોક્ષયોઃ''

(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)

**"જ્ઞાની તો જાતે જ બનવું પડે છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આપણે કથા શ્રવણ કરીએ, સત્સંગ કરીએ બધું જ કરીએ છીએ તો પણ એવું લાગે છે કે આપણે જેટલું જાણવું જોઈએ તેટલું જાણી શક્યા નથી. આપણે શાસ્ત્ર વાંચીએ, ભજન, પ્રાર્થના કીર્તન, નામ સ્મરણ બધું કરતા શીખી ગયા તો જ્ઞાની થઈ ગયા તેવું નથી. એમ તો આ દુનિયામાં ઘણા પ્રકારનાં પંડિત થઈ ગયા. ઉપર ઉપરથી વાંચીને સમજી લઈએ એટલે જ્ઞાની થઈ ગયા તેમ માની લઈએ તો ઉપરથી અજ્ઞાનતા વધે છે અને અજ્ઞાનતા વધે ત્યારે અહંકાર વધે છે. અને આપણી અંદર રહેલો અહંકાર આપણી સરળતા આપણું નિર્માનીપણું ગુમાવી દે છે. આપણને કઠોર બનાવી દે છે. તો સાંભળેલું બધું ગ્રહણ કર્યા પછી આપણા વર્તનમાં પણ પરિવર્તન આવવું જોઈએ. આપણે કોઈ વાનગી કેવી થઈ છે તેનું વર્ણન કરી શકીએ છીએ. પરંતુ સ્વાદ આપી શકીએ નહિ. તેના માટે પોતે જાતે વાનગી ખાવી પડે છે. તો કહેવાનો અર્થ છે કે જ્ઞાની બનવું હોય તો પુરુષાર્થ જાતે જ કરવો પડે છે. સાચા ભક્ત બનવું તે અંતરની વાત છે. અંતરમાં ઉતરીને તપાસ કરવી પડે. આપણે સાંભળીએ, વાંચીએ અને યાદ રાખીએ તેને સ્મૃતિ કહેવાય. તેનાથી યાદ શક્તિ વધે છે. તેને આપણે જ્ઞાન સમજી લઈએ તે મોટા માં મોટી ભૂલ છે. વાંચીને યાદ રાખવું મુશ્કેલ નથી. સાંભળેલી વાતનું મનન, નિદિધ્યાસ કરી તેનો સાર ગ્રહણ કરવાનો છે. પોતાની જાત સાથે ઈમાનદાર થવુ પડે. શાંતિથી ઈમાનદારીથી અંદર તપાસ કરવી પડે. આપણે પોતાની જાતને પણ છેતરીએ છીએ. જો અંદરની શાંતિ જોઈતી હોય તો બધા જ કસાયો કાઢીને અંતઃકરણ શુધ્ધ કરવું જ પડે છે. આપણે શાંતિથી સૂવું હોય તો શણગાર કાઢવા પડે છે. આપણે બધા ઘરેણા, ભારે ભારે વસ્ત્રો, બૂટ, ચંપલ બધું પહેરીને સૂવાતું નથી. ઉંઘ આવતી નથી. તેમ આપણે ચિર નિંદ્રા જોઈતી હોય તો છેલ્લો સમય શાંતિથી પસાર કરવો હોય તો, માન, યશ, પ્રતિષ્ઠા બધું જ કાઢવું પડે છે. છેલ્લા સમયે આ બધું અંદર હોય તો ખૂબ તકલીફ પડે છે. પરંતુ આપણે જાણે અજાણ્યે આપણા અહમ્‌ને પોષણ આપીએ છીએ. હકીકતમાં અહંકાર આપણી અંદર છે જ નહિ. આપણે પોષણ આપીને જન્મ આપેલો છે. જીવ જન્મે છે ત્યારે નાના બાળકમાં કેટલી સરળતા જોવા મળે છે.

અહંકાર આપણો સ્વભાવ નહોતો આપણે પોષણ આપીને બનાવી દીધો છે. એક મહાન રાજા હતા. તેમના દુઃખનું કારણ એ હતું કે બધું છે પણ જોઈએ તેવી શાંતિ નથી. આથી તે એક સંતને મળે છે. અને પોતાની રજૂઆત કરે છે. અને કહે છે કે મને બધા કહે છે કે આપ અહંકાર દૂર કરો તો શાંતિ થશે. તો આપ મારો અહંકાર ખતમ કરી દો. બુધ્ધ ભિક્ષુકે કીધું કે કાલે સવારે આપ આવો ત્યારે સાથે લેતા આવજો તો હું અહંકારને મારી નાખીશ. રાજાને એમ થાય છે કે અહંકાર કોઈ વસ્તુ છે તો સાથે લઈ જવાય. છતાં પણ એમને એમ થાય છે કે સંત કહે છે તો કાંઈક તો હશે. તો બીજે દિવસે રાજા સંત પાસે જાય છે. તો સંત કહે છે કે આંખો બંધ કરીને બેસી જાવ અને અંતરમાં ઉતરીને તપાસ કરો મળી જાય ત્યારે કહેજો હું લાકડી લઈને ખતમ કરી નાખીશ. તો આંખો બંધ કરીને તપાસ ચાલુ કરી તો ૩૦ થી ૪૦ મિનિટ થઈ તો મુખ પર ટેન્શન, ક્રોધ એવા ભાવ આવી ગયા પછી ચાર-પાંચ કલાક વીતી ગયા તો ટેન્શન બધું ઓછું થઈ ગયું અને રાજા એકદમ શાંત થઈ ગયા. તો સૂરજની રોશની આવી એટલે આંખ ખુલી ગઈ તો ખબર પડી કે અંદર છે જ ન નહિ. તપાસ કરતા માલૂમ પડ્યું કે તે વસ્તુ હકીકતમાં આપણે જાતે બનાવેલી છે. પરંતુ શરત એ છે કે ઈમાનદારી ને વિવેકરૂપી દિવો પ્રગટાવીને અંતરમાં શોધીશું તો પ્રકાશ સિવાય બીજું કાંઈ જ નહિ દેખાય. આત્માની અનુભૂતિ થશે. આપણે કોણ છીએ તે આપણે જાણી શકીશું. આપણે આત્મા પર અહંકારનું આવરણ

બનાવી દીધું છે. અંતરની તપાસ ખૂબ જરૂરી છે.

આપણે એમ વિચારીએ કે એક રૂમમાં અંધકાર ભરી દઈએ. તો અંધકારને ભરી ન શકાય.અને અંધકારને બહાર કાઢી દઈએ તો અંધકારને બહાર પણ કાઢી શકાય નહિ. પરંતુ પ્રકાશને લાવી શકીએ ને પ્રકાશને બહાર પણ કાઢી શકીએ. કઈ રીતે ? તો જો પ્રકાશને પાથરવો હોય તો રૂમમાં દિવો પ્રગટાવીએ એટલે પ્રકાશ પથરાઈ જાય અને દિવો ઓલવી નાખીએ એટલે પ્રકાશ બહાર નીકળી જાય. તો પ્રકાશની અનુપસ્થિતિ એટલે અંધકાર.

અંધકારની જેમ જો અહંકારનું આવરણ હટી જાય તો આત્માની અનુભૂતિ થઈ જાય છે. અને ભગવાન ને આપણે બે સિવાય કોઈને ખબર નથી કે આપણી અંદર શું ભરેલું છે. એક ગુમડું થયું હોય તો તેને ઉપરથી ઢાંક ઢાંક કરવાથી સારુ થતું નથી. અંદરથી વધારે બગડે છે. અને અંદર વધારે બગડે તો શરીરમાં ફેલાઈ જાય છે. માટે વાંચવાથી સાંભળવાથી તમે જ્ઞાની બની શકવાના નથી. આપણે ગ્રહણ કેવી રીતે કરીએ છીએ તેના પર નિર્ભર છે. આપણે જ્ઞાની બનવા માટે તપાસ કરવાની છે કે આપણા અંદરથી શું કાઢવાથી આપણે આપણી અંદર રહેલા પરમાત્માને ઓળખી શકીએ. ખૂબ મહેનત કરી અંદર ઉતરવું પડે છે. આમ પરમાત્મા સુધી પહોંચવું હોય તો પોતાની જાતે જ પુરુષાર્થ કરવો જ પડશે.

●

## “લોભ”

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

**“ગિરધારી રે સખી ! ગિરધારી,**
**મારે નિરભે અખૂટનાણું ગિરધારી,**
**ખરચ્યું ન ખૂટે એને ચોર ન લૂંટે,**
**દામની પેઠે રે, ગાંઠે બાંધ્યુ નવ છૂટે.”**

ગમે તેટલો સત્સંગ કર્યો હોય, પરંતુ જીવાત્મા સાથે જોડાયેલી લોભી પ્રકૃતિ ટળતી નથી. જેને આપણે સાચું નાંણુ માનીને બેઠા છીએ એ તો નાશવંત અને દુઃખદાયી છે. આજે છે અને કાલે જતું પણ રહે, ‘એક દિન કરોડપતિ તો દૂસરે દિન રોડપતિ.’ આવું ઘણુંય જોવા મળે છે. આ નાશવંત નાણાંને વાપરવા માંડે તો ખૂટી જાય, અને ચોર આવે તો લૂંટી જાય. એવું એક અવિનાશી નાણું આપણા હાથમાં આવી જાય કે જે વાપરવા છતાં ખૂટે નહિ ને કોઈ ચોર એને લૂંટે નહિ, તો સદાય સુખ એવું અવિનાશી નાણું એટલે મહારાજની મૂર્તિ.

**“રે શ્યામ તમે સાચું નાણું,**
**બીજું સર્વે દુઃખદાયક જાણું.”**

અનંત કોટિ બ્રહ્માંડમાં સાચું નાંણુ એક જ છે. ‘સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ. બીજું નાણું તો ક્ષણિક અને દુઃખદાયક છે. સાચું નાણું એવા મહારાજ મળ્યા પછી આપણી વૃત્તિ લાલસાના માર્ગેથી પાછી વાળવી. ક્યારેય આપણાં ઘરમાં આસુરી દ્રવ્ય આવી ન જાય તેનો ખ્યાલ રાખવો. કોઈની આંતરડી દુભવીને છેતરીને ભેગો કરેલો અધર્મનો પૈસો કદી ઘરમાં લાવવાનો પ્રયત્ન ન કરવો. અધર્મનો પૈસો કદી આપણને સુખી થવા ન દે. મનુષ્યનો સહજ સ્વભાવ છે કે ‘કોશની ચોરી કરે, પછી સોયનું દાન કરે’ અને પોતાની જાતને નિર્દોષ માની લે છે. પણ એવું અનીતિથી ભેગું કરેલું દ્રવ્ય અને તેમાંથી કરેલું દાન પ્રભુ ક્યારેય નહિ સ્વીકારે. આપણી પાસે જે કાંઈ દ્રવ્ય હોય તેમાંથી જ્યારે જ્યારે સંતો-હરિભક્તોની સેવાનો લાભ મળે ત્યારે અવશ્ય લઈ જ લેવો. નીતિથી કમાયેલું દ્રવ્ય પણ આપણું નથી. એમાંથી પણ મહારાજે ધર્માદાની આજ્ઞા કરી છે.

શ્રીજી મહારાજે કહ્યું કે, “અમારા આશ્રિત હરિભક્તો જો વ્યવહારે સુખી હોય તો ૧૦% ધર્માદો કાઢવો અને વ્યવહારે જો દુર્બળ હોય તો ૨૦% ધર્માદો અવશ્ય કાઢવો જ.

આપણે મંદિરનો કોઈ વહીવટ કરતાં હોઈએ ને આપણી પાસે મંદિરનાં રૂપિયા પડ્યા હોય તો શું ઘર માટે વાપરીએ? ના ભૂલમાં વપરાઈ જાય તો મહાપાપ લાગે, ક્યારેય એ પાપમાંથી ન છૂટાય. એમ આવકનાં ૧૦% એ પણ ઠાકોરજીના જ ગણાય. એમાંથી આપણાં માટે ન વપરાય. નહિ તો ઠાકોરજીના રૂપિયા વાપર્યા તુલ્ય ગણાય. એના ઉપર આપણો કોઈ જ અધિકાર નથી. અને જો ધર્માદો નહિ નીકળે તો એ દૈવી દ્રવ્ય હોવા છતાં આસુરી દ્રવ્ય બની જાય. અંતરમાં સુખ લેવા દે નહિ.

ભગવાન અને સંતની આજ્ઞામાં રહેવું એ જ સત્સંગનો પાયો છે. જેણે જેણે મહારાજની આ આજ્ઞાનું અક્ષરસઃ પાલન કર્યું છે તેના જીવંત ઉદાહરણ પણ જોયા છે.

મેમકા ગામના રામજી શેઠને કાલા-કપાસનો ધંધો હતો. કાયમ ૧૦% ચોખ્ખો ધર્માદો કાઢતા. એક વખત

જીનમાં આગ લાગી. નોકર દોડતો બોલાવા આવ્યો ત્યારે શેઠ કહે : ''હું નિરાંતે સૂતો છું તું પણ સૂઈ જા.'' કાંઈ ચિંતા કરીશ નહિ. મહારાજનું છે, મહારાજ સાચવશે. વગર ફાયર બ્રિગેડે વગર પાણીએ આગ ઓલવાઈ ગઈ. કેમ ? મહારાજનો પૂરેપૂરો ભાગ કાઢતા હતા, તો ચિંતા મહારાજની થઈ ગઈ.

બસ, આપણું સર્વસ્વ મહારાજનું છે. અને એમના અર્થે જ વપરાય એવો સંકલ્પ કરી આ સમજણને જીવનમાં દૃઢ કરીએ.

●

**'અદ્‌ભુત ઘનશ્યામ જન્મોત્સવ'**

કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામનવમીના દિવસે ૩-૦૦ થી ૫-૦૦ દરમ્યાન પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં અને જેતલપુરથી પધારેલા સાં.યો. શ્રી નર્મદાબાના માધ્યમથી અતિ દિવ્ય અને અલૌકિક ઘનશ્યામ જન્મોત્સવ ઉજવાયો.

આ પ્રસંગમાં પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અત્યંત ભાવવિભોર થઈ સત્સંગી બહેનો સાથે દિવ્ય રાસોત્સવ રમ્યા હતા. અને સમગ્ર રાસના પ્રસંગમાં પ.પૂ. ગાદીવાળાશ્રીએ બધા જ બહેનોને ખૂબજ ઉત્સાહ આપ્યો અને એ સમયે બધા જ બહેનોને આ પૃથ્વી પર સર્વાવતારી શ્રીહરિ જ્યારે ભક્તજનોને સુખ આપતા એવો જ દિવ્ય આનંદ પ્રાપ્ત થયો હતો અને આવું સુખ માણવું તે દરેક સત્સંગી બહેનો માટે એક અમૂલ્ય લ્હાવો હોય છે. દરેક બહેનોને પોતાના સ્વહસ્તે પ્રસાદ પણ આપ્યો હતો. ખરેખર આ પ્રસંગને જેણે જેણે માણ્યો છે તેને દિવ્ય આનંદની અનુભૂતિ થઈ છે. ને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી શ્રીજી મહારાજનું સાક્ષાત્ અપર સ્વરૂપ છે. અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી મહારાજ લક્ષ્મીસ્વરૂપા છે. આ ધર્મકુળના માધ્યમથી શ્રીજી મહારાજ આપણને સૌને કેવો આનંદ આપી રહ્યા છે તેની સૌને પ્રત્યક્ષ અનુભૂતિ થઈ છે. અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના ચરણોમાં તો સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલી દિવ્ય અલૌકિક શક્તિ છે. અને તેથી જ પ.પૂ.ગાદીવાળાશ્રીના ચરણોમાં વંદન સાથે જણાવવાનું મન થાય કે 'આપ' જ આ સત્સંગના આધાર છો અને અમે જે કાંઈ છીએ અને અમારી જે કાંઈ પ્રગતિ થાય છે તે આપના માધ્યમથી જ છે. અને આપની આટલી ઉંમર હોવા છતા પણ આ સત્સંગમાં આપની સતત હાજરી આપી સંપ્રદાયમાં જે ઉત્સાહ અને પ્રેરણા પુરી પાડો છો, તે બદલ શ્રી 'નરનારાયણદેવ'નો સમગ્ર મહિલા સત્સંગ સમાજ આપનો ખૂબ ખૂબ ઋણી છે. અને ખરેખર સર્વોપરિ શ્રીજી મહારાજે સ્થાપેલ આચાર્યશ્રીની રીત તો અલૌકિક જ છે ! સમગ્ર ધર્મકુળના ગુણ, રૂપ અને ચાલ પૃથ્વીના તમામ મનુષ્યો કરતા નિરાળા જ છે. અને જ્યારે જ્યારે કોઈપણ જગ્યાએ સત્સંગમાં ધર્મકુળનું આગમન થાય છે ત્યારે આપણને સૌને દિવ્ય આનંદની અનુભૂતિ થાય છે. તેનું મુખ્ય કારણ ધર્મકુળનો આ સત્સંગ પ્રત્યેનો નિઃસ્વાર્થ 'પ્રેમ' છે. 'ધર્મકુળ' છે તે માત્રને માત્ર આપણને સૌને તેમના સાનિધ્યનું અને દર્શનનું અલૌકિક સુખ આપવા માટે જ પધારે છે.

આવો નિઃસ્વાર્થ પ્રેમ વ્યવહારમાં ક્યાંય પણ ક્યારેય જોવા ન મળે ! નિઃસ્વાર્થ પ્રેમ એટલે જેમા ક્યારેય કાંઈ પણ 'અપેક્ષા' ન હોય, જે પ્રેમમાં ક્યારેય 'વધ-ઘટ' ન થાય અને 'નિર્દોષ' હોય એટલે ક્યારેય કોઈના દોષ ન દેખાય.

તો આવો નિઃસ્વાર્થ પ્રેમ ધર્મકુળનો આ સત્સંગ પ્રત્યે હંમેશા રહેલો છે. આપણા ગમે તેટલા અવગુણો હોય તો પણ દરેક સત્સંગી માટે ધર્મકુળ તરફથી એક જ સરખો પ્રેમ પ્રવાહ વહે છે. અને તેમની નિર્દોષ 'અમીમય' દૃષ્ટિ હંમેશા આ સત્સંગ પર આશીર્વાદની વર્ષા કરતી રહે છે.

અને આ પ્રસંગના અંતમાં પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે આ સમૈયા ઉત્સવ એટલા માટે છે કે આ સમૈયા ઉત્સવને કાયમ માટે યાદ રાખી આપણા આ જીવનને અંતિમ જીવન બનાવી દેવાનું છે. અને જ્યારે જ્યારે કથા-વાર્તાના માધ્યમથી સત્સંગનું જે સુખ મળે તેનું 'શ્રવણ 'મનન' અને 'નિદિધ્યાસ' કરીને આપણા આ જીવનને અંતિમ જીવન બનાવીએ તે જ આપણા મનુષ્ય જીવનની સાર્થકતા છે. અને તે જ આપણા મનુષ્ય જીવનનું ધ્યેય હોવું જોઈએ.

સમગ્ર પ્રસંગમાં કાંકરિયા મહિલા મંડળના બહેનોએ ખૂબજ સરસ આયોજન કર્યું હતું. અને જેતલપુરથી સાં.યો. બચીબાના મંડળના સર્વે સાં.યો. બહેનો તથા કાલુપુર મંદિરથી પધારેલા સાં.યો. બહેનોએ મળી અદ્‌ભુત કીર્તનો ગવડાવી સર્વે સત્સંગી બહેનોને અદ્‌ભુત રાસ રમાડ્યા હતા અને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા.

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

# અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિકમાસ પ્રથમઅષાઢ માસ (પુરૂષોત્તમમાસ)ની ભવ્ય ઉજવણી

| તિથિ | તારીખ | ઉત્સવ | સમય |
|---|---|---|---|
| અષાઢ સુદ-૧ બુધવાર | ૧૭-૬-૨૦૧૫ | ગ્વાલબાલ દર્શન | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૨ ગુરુવાર | ૧૮-૬-૨૦૧૫ | રથયાત્રા | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૩ શુક્રવાર | ૧૯-૬-૨૦૧૫ | શ્રીનરનારાયણદેવનો પાટોત્સવ | ૬-૩૦ સવારે અભિષેક |
| | | | ૮-૩૦ સવારે અન્નકૂટ શણગાર |
| અષાઢ સુદ-૪ શનિવાર | ૨૦-૬-૨૦૧૫ | ગણેશ ચતુર્થી | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૫ રવિવાર | ૨૧-૬-૨૦૧૫ | વસંત પંચમી | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૬ સોમવાર | ૨૨-૬-૨૦૧૫ | કુંજગલી | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૭ મંગળવાર | ૨૩-૬-૨૦૧૫ | શાકોત્સવ | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૮ બુધવાર | ૨૪-૬-૨૦૧૫ | હિંડોળા ફુલના | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૮ ગુરુવાર | ૨૫-૬-૨૦૧૫ | રાધાષ્ટમી | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૯ શનિવાર | ૨૬-૬-૨૦૧૫ | રામનવમી તથા | |
| | | બાલસ્વરૂપ શ્રીઘનશ્યામમહારાજનો પાટો. | ૬-૩૦ સવારે અભિષેક |
| | | શ્રીઘનશ્યામમહારાજનો જન્મોત્સવ | ૮-૦૫ સવારે શણગાર |
| અષાઢ સુદ-૧૦ શનિવાર | ૨૭-૬-૨૦૧૫ | વિજ્યા દશમી | ૮-૦૫ સવારે અન્નકૂટ દર્શન |
| અષાઢ સુદ-૧૧ રવિવાર | ૨૮-૬-૨૦૧૫ | સમૂહ મહાપૂજા | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૧૨ સોમવાર | ૨૯-૬-૨૦૧૫ | વામન બારસ | ૬-૩૦ સવારે અભિષેક |
| | | રંગમહોલ ઘનશ્યામમહારાજનો પાટોત્સવ | ૮-૦૫ સવારે અન્નકૂટ શણગાર |
| અષાઢ સુદ-૧૩ મંગળવાર | ૩૦-૬-૨૦૧૫ | | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૧૪ બુધવાર | ૧-૭-૨૦૧૫ | નૃસિંહ જયંતી | ૮-૦૫ સવારે |
| અષાઢ સુદ-૧૫ ગુરુવાર | ૨-૭-૨૦૧૫ | શરદોત્સવ | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૧/૨ શુક્રવાર | ૩-૭-૨૦૧૫ | કેશર સ્નાન | ૬-૩૦ સવારે |
| અષાઢ વદ-૩ શનિવાર | ૪-૭-૨૦૧૫ | હિંડોળા ચોકલેટના, | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૪ રવિવાર | ૫-૭-૨૦૧૫ | હિંડોળા જરીના | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૫ સોમવાર | ૬-૭-૨૦૧૫ | હિંડોળા મોતીના | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૬ મંગળવાર | ૭-૭-૨૦૧૫ | છપૈયાધામદર્શન | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૭ બુધવાર | ૮-૭-૨૦૧૫ | વન વિચરણ દર્શન | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૮ ગુરુવાર | ૯-૭-૨૦૧૫ | જન્માષ્ટમી | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૯ શુક્રવાર | ૧૦-૭-૨૦૧૫ | નંદ મહોત્સવ | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૧૦ શનિવાર | ૧૧-૭-૨૦૧૫ | હિમાલય દર્શન | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૧૧ રવિવાર | ૧૨-૭-૨૦૧૫ | હિમાલય દર્શન | ૮-૩૦ સવારે |
| અષાઢ વદ-૧૨ સોમવાર | ૧૩-૭-૨૦૧૫ | હિમાલય દર્શન | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૧૩ મંગળવાર | ૧૪-૭-૨૦૧૫ | શિવરાત્રિ શિવ પૂજન | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૧૪ બુધવાર | ૧૫-૭-૨૦૧૫ | શ્રી હનુમાનજીનું પૂજન | ૮-૦૫ સવારે |
| અષાઢ વદ-૩૦ ગુરુવાર | ૧૬-૭-૨૦૧૫ | અન્નકૂટ ગોવર્ધન પૂજા | ૮-૩૦ સવારે |

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ દાનખંડ અને બ્રહ્મપુરાણમાં કેવું દાન લેવાની ના પાડી છે જે પુણ્યનો નાશ કરનાર છે ?

પ્ર. ૨ શ્રી સ્વામિનારાયણ ભગવાનના જમણા ચરણના તથા ડાબા ચરણના ચિહ્નો ઓળખાવો.

પ્ર. ૩ ''સહુ કહે મારા ઘર માથે, હાંક્યો રથ તે તિતાને નાથે'' ભાઈઓ આપણે કરતા અળતાઈ, આ તો કુંડુ પડ્યુ નહી કાંઈ,'' નિષ્કુળાનંદ સ્વામીએ આ ચોપાઈમાં કોની વાતી કરી છે ?

પ્ર. ૪ કોઈ એકવાર ગુહ્ય ચર્ચા નીકળી કે ''ભૂખે મરતાં હોય તે ભેખ લે છે''. તે સમયે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે ''મને તેની હારમાં ગણશો નહી મારી તો સધ્ધર સ્થિતિ હતી, હું તો સાચા ત્યાગ વૈરાગ્યના વેગથી ત્યાગી થયો છું.'' તે વાત સ્વયંકૃત ક્યા પદમાં વર્ણવી છે ?

પ્ર. ૫ લાલજી સુથારના કેટલા દીકરા હતા ? તેમના નામ જણાવો.

પ્ર. ૬ ''ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના, કરીએ કોટી ઉપાયજી.'' કીર્તનના રચિયતા કોણ ?

પ્ર. ૭ ધરમપુરના રાણી કુશળકુંવરબાઈને સત્સંગ કોણે કરાવેલો ?

## એપ્રિલ-૨૦૧૫ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક - ૬૩. (૨) ગ.પ્ર.પ્ર. ૭૪. (૩) પ્રકરણ ૮૬ કડી ૪૭ (૪) ઉત્તર પ્રદેશના ગોંડા પ્રદેશના (૫) ''દુર્લભરામે પાઘડી હાથમાં લઈ જય સ્વામિનારાયણ ક્યારેય નહીં કહું તે સિવાય બીજી આજ્ઞા હોય તો કહો તેમ કહ્યું.'' (૬) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી. (૭) સ.ગુ. મુક્તાનંદ સ્વામી અને સ.ગુ. નિત્યાનંદ સ્વામી

૧ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૨ ધરમશીભાઈ નરસીભાઈ (મેમનગર)
૩ પટેલ ચંદ્રિકાબેન વિનોદભાઈ (મેમનગર)
૪ પટેલ વિનોદ પી. (વહેલાલ)
૫ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૬ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૭ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ માણસા
૮ સ્વામિનારાયણ મંદિર હર્ષદ બાપુનગર
૯ પટેલ ઈશ્વરભાઈ શામજીભાઈ (અખીયાણા)
૧૦ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (દેઉસણા)
૧૧ પટેલ અંબાલાલ હીરાલાલ (રાણીપ)
૧૨ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૧૩ પટેલ ચંપાબેન વિઠ્ઠલભાઈ
૧૪ પટેલ પારૂલબેન સુરેશભાઈ (સુરેન્દ્રનગર)
૧૫ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૬ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૭ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૮ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૯ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૨૦ પટેલ કાંતાબેન કિરીટભાઈ (ઉનાવા)
૨૧ પટેલ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૨૨ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૨૩ સોની વર્ષાબેન અરવિંદભાઈ (સી.જી. રોડ)
૨૪ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૨૫ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ નાંદોલ
૨૬ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૨૭ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૨૮ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૨૯ ભાવસાર નીકિતા બી. (કાલુપુર)
૩૦ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર હવેલી)
૩૧ સાં.યો. ઉષાબા સત્સંગ મહિલા મંડળ મોરબી
૩૨ ભાવસાર અરવિંદાબેન એન. (ઘાટલોડીયા)
૩૩ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ઉંઝા)
૩૪ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૩૫ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૩૬ પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૩૭ પટેલ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૩૮ સાં.યો. સુરજબા, જવરબા, દર્શનાબેન (વાવોલ)
૩૯ પટેલ ઉષાબેન મંગળભાઈ (વાવોલ)
૪૦ ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ઘુંટું મોરબીનું)
૪૧ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૨ ઘરસભા બહેનો (લુણાવાડા)
૪૩ પટેલ રૂપલબેન કંચનલાલ (લુણાવાડા)
૪૪ સાં.યો. બહેનો (જેતલપુરધામ હવેલી)
૪૫ ઠક્કર રીટાબેન જયેશકુમાર
૪૬ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ
૪૭ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર
૪૮ સાં.યો. રંજનબા, નાનીબેન (સ્વા.મંદિર વિરાટનગર)
૪૯ ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૫૦ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૫૧ પટેલ મંજુલાબેન નટવરલાલ (ડાંગરવા)
૫૨ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૫૩ પટેલ મીના એમ. (આંબાવાડી)
૫૪ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૫૫ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળીદેશ)
૫૬ મહેશ ભગત પૂજારી (ઘાટલોડિયા)
૫૭ સાં. રામબાઈ ધનજી વરસાણી, જયશ્રીબેન પ્રવિણ વરસાણી - મીરજાપર, સાં. શ્યામબાઈ અરજણ હિસાણી, સાં. ધનબાઈ શીવજી ભંડેરી - મીરજાપર

# સત્સંગ સમાચાર

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર**

**શ્રી નરનારાયણાદિદેવોને ચંદનના વાઘાના દર્શન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં બિરાજમાન પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોને વૈશાખ સુદ-૩ અક્ષય તૃતિયાથી ચંદનના સુગંધીમાન શિતળ વાઘાના દર્શન પરંરાગત રીતે કરાવવામાં આવે છે. સેવાભાવી શ્રધ્ધાળુ હરિભક્તો તરફથી આવા સુંદર ચંદનના વાઘાના દર્શન કરાવવામાં આવે છે. દર્શન કરતા જ આપણા મનમાં હૃદયમાં શિતલતા વ્યાપી જાય તેવા અલૌકિક દર્શન ઠાકોરજીના પૂજારી સંતો કરાવે છે. દેશો દેશના હરિભક્તોએ આવા દિવ્ય દર્શન કરીને ધન્યતા અનુભવે છે. (શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગુલાબપુરાનો ૬૦ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ.શા.સ્વા. હરિસ્વરૂપદાસજીના રાજીપાથી અ.નિ. પ.ભ. નારણભાઈ મોહનદાસ પટેલ તથા અ.નિ. જોઈતીબાની પુણ્ય સ્મૃતિમાં અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૬૦ મો પાટોત્સવ તા. ૬-૪-૧૫ ના રોજ વિધિવત રીતે ઉજવાયો.

પ્રાતઃ ૬-૦૦ કલાકે ઠાકોરજીનો અભિષેક સંતો દ્વારા થયા બાદ સંતોએ કથા વાર્તા કીર્તન ભક્તિ કરી હતી. ત્યારબાદ અન્નકૂટ આરતી અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

બપોરે ૪-૦૦ કલાકે ગામમાં ઠાકોરજીની નગરયાત્રામાં ગામના તમામ ભક્તો જોડાયા હતા. સમગ્ર પ્રસંગમાં પ્રમુખશ્રી, કોઠારીશ્રી, આદિ ગામના નાના મોટા સૌએ સેવા બજાવી હતી.

પ.ભ. પટેલ ગાંડાલાલ નારણદાસ તથા અ.નિ. ત્રિકમલાલ નારણદાસ પટેલ પરિવારે યજમાન બની લાભ લીધો હતો. (અલ્પેશ પટેલ, ગુલાબપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલ**

શ્રીધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલમાં ચૈત્ર સુદ-૯ ના શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને સાંજે ૮-૦૦ થી ૧૦-૦૦ ધૂન, ભજન, કીર્તન ધામધૂમથી કર્યા હતા. રાત્રે ૧૦-૧૦ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ આરતીમાં તમામ હરિભક્તો જોડાયા હતા. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કુબડથલ)

**અમદાવાદથી છપૈયાધામ પદયાત્રા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી તથા પ.ભ. નારણભાઈ ખીચડીયાની પ્રેરણાથી આગામી શ્રીનરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં બાપુનગરના ૫૦ હરિભક્તોએ છપૈયા ધામની યાત્રા તા. ૧-૨-૧૫ થી પ્રારંભ કરી તા. ૬-૪-૧૫ ના છપૈયાધામ પહોંચી દર્શન કરી પદયાત્રા પૂર્ણ કરી હતી. રસ્તામાં આવતા દરેક તીર્થ સ્થાનોમાં દર્શન કર્યા હતા.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ રસ્તામાં ફોન દ્વાર ખબર અંતર પૂછીને રાજીપો વ્યક્ત કરી આશીર્વાદ આપ્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

**સત્કાર સમારોહ જમીયતપુરા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીહરિના ચરણોથી અંકિત પ્રસાદીની દિવ્ય ભૂમિ જમીયતપુરા પ્રભા હનુમાનજી મંદિરમાં તા. ૨૨-૩-૧૫ ના રોજ સવારના ૯-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સુંદર સત્કાર સમારંભ યોજાયો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ મહોત્સવમાં સેવા કરનાર દરેક ગામ તથા અમદાવાદ શહેરના દરેક વિસ્તારના ઉપસ્થિત સૌ સ્વયંસેવકો તથા સમિતિ સભ્યોને, જૂથ પ્રમાણે પોતાના વરદ્ હસ્તે આશીર્વાદ પત્ર એનાયત કર્યા હતા. આ પ્રસંગે કાલુપુર, નારાયણ ઘાટ

તથા કોટેશ્વર ગુરુકુળથી સંતો પધાર્યા હતા.

પૂરવ પટેલ દ્વારા કીર્તન ભક્તિ થઈ હતી. શા. નાના પી.પી. સ્વામી (મહંતશ્રી, ગાંધીનગર સે-૨) સભા સંચાલન કર્યું હતું.

અત્રેના મહંત સ્વામી વિજયપ્રકાશદાસજી તથા યુવક મંડળે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર ૨૮ મો વાર્ષિક પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુરનો ૨૮ મો પાટોત્સવ તા. ૨૫-૩-૧૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે ૧૨ કલાકની અખંડ મહામંત્ર ધૂન રાખવામાં આવી હતી.

પાટોત્સવ પ્રસંગે અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટ મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી અને ગાંધીનગર (સે-૨) ના મહંત સ્વામી શા. પુરુષોત્તમપ્રકાશદાસજી આદિ સંતોએ પધારી ભગવાનની કથા વાર્તા કરી ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. સંતોએ યુવાનોને વ્યસન મુક્ત થાય તે માટે ખાસ ભલામણ કરી હતી.

તા. ૪-૪-૧૫ ના ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાન જયંતીના સવારે ૬-૦૦ થી ૯-૦૦ હનુમાન ચાલીસાના પાઠ કરી શ્રી હનુમાનજીનું પૂજન આરતી અને અન્નકૂટ ધરાવી આરતી ઉતારી હતી. જેના યજમાન ભરતભાઈ ગાંડાભાઈ ચૌધરી રહ્યાં હતાં.

(ડાહ્યાભાઈ શંભુભાઈ ચૌધરી)

**અમદાવાદ શ્રી નરનારાયણદેવ તાબાની કલોલ ખાતે સૌ પ્રથમ આધુનિક સુવિધા સંપન્ન મલ્ટી સ્પેશ્યાલીટી PSM હોસ્પિટલ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કલોલ ખાતે સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી દ્વારા શ્રી નરનારાયણદેવ તાબાની સૌ પ્રથમ આધુનિક સુવિધા સંપન્ન મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ હાલ કાર્યરત છે. થોડા સમય પહેલા જ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અત્રે હોસ્પિટલમાં પધાર્યા હતા અને હોસ્પિટલનું નિરીક્ષણ કરી ખૂબજ રાજી થયા હતા અને ત્યાં આયોજીત પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપતા કહ્યું કે વર્તમાન સમયમાં શિક્ષણ અને સમાજ સેવા અત્યંત જરૂરી છે જે આપણા સંપ્રદાયમાં થઈ રહી છે. આવી અદ્યતન હોસ્પિટલ હાલના સમયમાં દરેકને ઉપયોગી બનશે. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી અને ટ્રસ્ટી મંડળ ઉપર રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

: હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવાઓ :

● પિડીયાટ્રીક વિભાગ ● ગાયનેક વિભાગ ● જનરલ સર્જરી વિભાગ ● ડેન્ટલ તથા ગેસ્ટ્રો એન્ટ્રોલોજી વિભાગ ● ન્યુરોલોજી વિભાગ ● કાર્ડયાક વિભાગ ● ઓર્થોપેડિક વિભાગ ● રેડીયો લોજી તથા પેથોલોજી વિભાગ ● ટ્રોમા તથા કીટ્રીકલકેર વિભાગ ● ICCU તથા ઈમરજન્સી વિભાગ ● સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ ● આધુનિક ઓપરેશન વિભાગ.

શ્રી સ્વામિનારાયણ વિશ્વ મંગલ ગુરુકુળ કલોલ નેશનલ હાઈવે મો. : ૯૬૩૮૦૫૨૫૨૫

**સંપ્રદાયના ઈતિહાસમાં આચાર્ય પરંપરામાં સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અમદાવાદથી ધરિયાવદ હેલિકોપ્ટરમાં સવારી**

શ્રી નરનારાયણદેવ દેશ પીઠ સ્થાનના પ.પૂ. આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી થી લઈ હાલ વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું જીવન સાદગીમય અને માત્રને માત્ર પોતાના ભક્તોને રાજી કરવા એજ એક ધ્યેય હોય છે. તેમણે તો પગપાળા, ગાડામાં કે સાવ સામાન્ય ગાડીમાં પણ યાત્રા મુસાફરી કરેલી છે. કારણ કે આ તો સ્વયં સર્વોપરિ શ્રીહરિના પુત્ર છે. જેવા ભગવાન તેવા જ તેમના પુત્ર-અપર સ્વરૂપ પૂ. મહારાજશ્રી છે. સમજવાનું ઓળખવાનું આપણે છે. જો ઓળખ્યા તો આપણો બેડો પાર થઈ જાય.

હમણા ધરિયાવદ (રાજસ્થાન)ના ડુંગરાળ પ્રદેશમાં આપણું અતિ સુંદર રળીયામણું ત્રણ શિખરવાળું ભવ્ય મંદિર છે. જેના દશાબ્દી મહોત્સવ પ્રસંગે સ.ગુ. મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજી અને સ્થાનિક હરિભક્તોએ દ્રઢ સંકલ્પ કર્યો કે આવા ભવ્ય પ્રસંગે આપણા પ.પૂ. મહારાજશ્રીને આવી અસહ્ય ગરમીમાં લાંબી મુસાફરીમાં

સહેજ પણ હેરાન કર્યા વગર લાવવા છે. જેથી ખૂબજ આગ્રહ ભરી વિનંતી કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી અને પૂ. શા.પી.પી. સ્વામી (જેતલપુર) આદિ સંત મંડળ સાથે સંપ્રદાયમાં આચાર્ય પરંપરામાં સૌ પ્રથમ વાર અમદાવાદથી ધરિયાવદ હેલિકોપ્ટર દ્વારા તા. ૧૯-૪-૧૫ ના સાંજે અત્રે શુભ આગમન કર્યું હતું. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત પારાયણનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તા પદે બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજી રહ્યા હતાં. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવનો મહાભિષેક વેદ વિધિસર થયો હતો. ધામોધામથી અનેક સંતો અને હરિભક્તો પધાર્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સભામાં ઉપસ્થિત હજારો સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર આયોજન છપૈયા મહંતશ્રી અને અત્રે ધરિયાવદના મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજી અને તેમના સંત મંડળ અને જેતલપુરધામના સંતોએ કર્યું હતું. (શા. ભક્તિનંદનદાસ)

### ભુજ શ્રી નરનારાયણદેવના ૧૯૨ માં પાટોત્સવ પ્રસંગે યોજાયેલ મેડીકલ કેમ્પ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ભુજ મંદિરના પૂ. મહંત સ્વામી અને સંતોના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના ૧૯૨ માં પાટોત્સવ પ્રસંગે તા. ૧૯-૪-૧૫ રવિવારના અહીંના મંદિરના વિશાળ પરિસરમાં મેગા મેડીકલ કેમ્પ યોજાયો. જેનો શુભારંભ પ.પૂ. મોટા મહારાજશ્રીના હસ્તે દીપ પ્રગટાવીને થયો. આ પ્રસંગે બ્રિટીશ ડેપ્યુટી હાઈ કમિશ્નર જ્યોફ બેઈન અને મંત્રીશ્રી તારાચંદભાઈ છેડા આદિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી આ કેમ્પના મુખ્ય દાતા ફોટડી કચ્છ મોમ્બાસાના અ.નિ. કેશવલાલ પ્રેમજી ભુડીયા પરિવાર હ. હસમુખભાઈ કાનજી ભુડીયા તદુપરાંત ૨૫-૨૫ લાખ કે.કે. જેસાણી બળદીયા (કચ્છ) હાલ લંડન અને અ.નિ. નાથાભાઈ મનજી વરસાણી આદિએ સુંદર સહયોગ આપ્યો હતો.

કુલ વિવિધ રોગોના ૭૦૧૮ અને અન્ય ૨૨૬૫ લોકોને મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

૧૯૨ લોકોએ કિમંતી રક્તદાન કર્યું હતું. ૧૨૫ લોકો વ્યસન મુક્ત થયા હતા. ભુજ મંદિર દ્વારા સમગ્ર કચ્છમાં ૩૬૦૦૦ દર્દીઓની જુદા જુદા કેમ્પ દ્વારા ચેકઅપ કરીને ઓપરેશન પણ કરી આપેલ છે.

અત્રેની માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા લેઉવા પટેલ હોસ્પિટલમાં M.R.I. મશીન વસાવવા સાડા ચાર કરોડ રૂપિયાનું મહાદાન કરેલ છે. આમ આપણા ભુજ મંદિર દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોની પ્રેરણાથી આવા સુંદર સમાજ સેવાના કાર્યો થઈ રહ્યાં છે.

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર આગામી દશાબ્દી મહોત્સવના ઉપક્રમે થયેલ સત્સંગ પ્રવૃત્તિઓ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ અત્રે મંદિરના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરના આગામી (કારતક વદ-૨ સં. ૨૦૭૨) દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં વિવિધ ગામોમાં સત્સંગ પ્રવૃત્તિ થઈ હતી.

૧૫૧ ગામડાઓમાં શ્રી સ્વામિનારાયણ મહા મંત્રની ૧૨ કલાકની અખંડ ધૂન મૂળી દેશના રામગઢ, અખીયાણા, સરા, ધ્રાંગધ્રા, મેથાણ, ભરાડા, માલવણ આદિ ગામોમાં અત્રે મંદિરના સંતો અને રણજીતગઢના પૂ. ભક્તિહરિ સ્વામીએ કથાવાર્તા-ધૂનનું આયોજન કર્યું હતું.

<u>સ્વચ્છતા અભિયાન - વ્યસન મુક્તિ પર્યાવરણ જાગૃત્તિ</u>

ઉપરોક્ત સમાજપયોગી કાર્ય નીચેના ગામોમાં થયું હતું. જસાપર, ટીંબા, ખારવા, ખોલડીયાદ, મેમકા, બલદાણા, અને બળોલમાં જાહેર સભામાં શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ) કો.સ્વા. કૃષ્ણવલ્લભદાસજી, પૂજારી નિત્યસ્વરૂપદાસજી, શા.સ્વા. પ્રેમવલ્લભદાસજી અને રવિ ભગતે પ્રસંગોચિત મનનીય પ્રવચન દ્વારા માનવજીવનની સાર્થકતા સમજાવી હતી. બન્ને પ્રસંગમાં સભા સંચાલન શૈલેન્દ્રસિંહ ઝાલાએ સંભાળ્યું હતું.

### સુરેન્દ્રનગર મંદિરમાં કથા પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-

આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી ચૈત્ર સુદ-૨ થી ચૈત્ર સુદ-૯ પર્યન્ત સ.ગુ. શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન ગં.સ્વ. ભક્તિબેન શીયાણીયા (ખારવા) પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. ધામોધામથી સંતો પધાર્યા હતા. વ્યાખ્યાન માળાના વક્તાપદે પૂજારી સ્વામી નિત્યપ્રકાશદાસજી રહ્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ કર્યું હતું. સમગ્ર આયોજન અને માર્ગદર્શક કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી રહ્યા હતા. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

અત્રે સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રીહરિ પ્રાકટ્યોત્સવદિન ચૈત્ર સુદ-૯ના રોજ સાંજે ૫-૩૦ થી ૭-૩૦ દરમ્યાન સુશોભીત વાહનો તથા સંગીતની બેન્ડ પાર્ટી સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. રાત્રે ૧૦-૧૦ પ્રાકટ્યોત્સવ આરતી ધામધૂમથી થઈ હતી. સમગ્ર પ્રસંગને વર્તમાન પત્રો અને ઈલેક્ટ્રીક મિડિયાએ કવરેજ કરીને તેનું સુંદર પ્રસારણ કર્યું હતું. શોભાયાત્રામાં મૂળી મંદિરના મહંત સ્વામી અને સંત મંડળ જોડાયા હતા. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (ખારીવાડી)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૩ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારી સમસ્ત બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધ્રાંગધ્રાના અ.નિ. સાં. સીતાબા અને અ.નિ. સાં. ગૌરીબાનું શિષ્ય મંડળ સાં. કંચનબા આદિ તથા અત્રેના સાં. મધુબા, નીતાબા, તેમજ અંકિતાબેન અને મનીષાબેને સુંદર આયોજન કર્યું હતું.

(સાં. હિરાબા ધ્રાંગધ્રા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજીનગર ૧૦ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજીનગરનો ૧૦ મો પાટોત્સવ તા. ૧૨-૪-૧૫ ના રોજ ધામધૂમથી ઉજવાયો. હળવદ મંદિરના સંત મંડળે કથા વાર્તાનો લાભ આપેલ. છેલ્લે ઠાકોરજીને અન્નકૂટ આરતી અને ધૂન કરવામાં આવી હતી. (જીજ્ઞેશ રાઠોડ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા-આશીર્વાદથી અત્રે કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજી સમક્ષ શ્રી નરનારાયણદેવ જયંતી ફુલ દોલ ઉત્સવ સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો હતો. સુવર્ણ સિંહાસનમાં વિરાજમાન ઠાકોરજીના સૌને અદ્‌ભુત અલૌકિક દર્શન થયા હતા. સર્વત્ર ગુલાબી રંગ છવાઈ ગયો હતો. ધર્મકિશોર સ્વામીએ શ્રી નરનારાયણદેવના પ્રાકટ્યની કથા સૌને સંભળાવી હતી. યજમાન પરિવારનું હારતોરાથી સન્માન્ન કર્યું હતું.

શ્રીહરિ પ્રાકટ્યોત્સવ-રામનવમી-મારૂતિયજ્ઞ : અત્રે આપણા મંદિરમાં ચૈત્ર સુદ-૯ નોમના શ્રીહરિ પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો. બપોરે શ્રીરામ જન્મોત્સવ અને મારૂતિયજ્ઞ વિધિવત ઉજવાયા હતા. શ્રી રોહિતભાઈ પંડ્યાએ મારૂતિયજ્ઞ વિધિ કરાવી હતી. જેના મુખ્ય યજમાન શ્રી કાંતિભાઈ તથા જયશ્રીબેન પટેલ (ફિલાડેલ્ફીયા) રહ્યા હતા. ધર્મ કિશોર સ્વામીએ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાકટ્યોત્સવની અદ્‌ભુત કથા કરી હતી. કીર્તન ભક્તિ-ધૂન હરિભક્તોએ કર્યા હતા. રાત્રે ૧૦-૧૦ મિનિટે સર્વોપરી ભગવાનની જન્મોત્સવની આરતી થઈ હતી. હજારો હરિભક્તોએ દર્શન કરી રાજી થયા હતા. સ્વામીએ આજના પ્રસંગના યજમાનોનું પુષ્પહાર પહેરાવી સન્માન કર્યું હતું.

(પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૮૮૮/- કાચા ટેલર્સ પરિવાર હ. મુળજીભાઈ કાચા શ્રીજી પ્રસન્નાર્થે — લેસ્ટર-યુ.કે.
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ધૂળકોટ-નાઈરોબી
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા — ઈસ્ટ લંડન
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા — ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — દહેગામ
૨૦૧/- પિંડોરીયા વેલજી પ્રેમજીની પુણ્ય તિથિ નિમિત્તે — માધાપર-કચ્છ
૧૦૧/- અ.નિ. તેજેશકુમાર કનુભાઈ ભાવસારના સ્મરણાર્થે — સાણંદ
૧૦૧/- અ.નિ. રૂપારેલીયા આકાશભાઈ ઘનશ્યામભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે — સુરત
૧૦૦/- અ.નિ. અશ્વિનભાઈ ધીરૂભાઈ ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે — જાંબુડાવાળા

૫૦૦/- પટેલ કુશલભાઈ નટવરભાઈ મફતભાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે — સાબમરતી
૨૦૦/- પટલે નટવરભાઈ મફતભાઈ જન્મ દિને — સાબરમતી
૧૦૦/- પટલે જયદિપભાઈ મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સીમરીકંપા
૧૦૦/- પટેલ ભારતીબેન જયદિપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સીમરીકંપા
૫૦૧/- કવિ ધ્રુવ બિપીન શ્રીજી પ્રસન્નાર્થે — શિકાગો
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ શંકરદાસ શ્રીજી પ્રસન્નાર્થે — મોખાસણ
૨૦૧/- પટેલ અંકિતભાઈ દશરથભાઈ ચિ. સિમના ચૌલ સંસ્કાર નિમિત્તે — ચાણસ્મા
૫૦૦/- પટેલ પ્રિન્સી પ્રદિપભાઈ ૨૫-૩ જન્મ દિને — નિકોલ
૧૦૧/- ચૌધરી અર્જુન ગૌરાંગ જન્મ દિને — બાલવા
૧૦૦/- ચૌધરી શ્રીરામ ધીરજકુમાર વિઝા મળ્યા તે નિમિત્તે — બાલવા
૧૦૧/- પટેલ મહાદેવભાઈ એમ. નવું સુઝુકી લાવ્યા તે નિમિત્તે — બોપલ
૨૦૦/- પટેલ શારદાબેન અંબાલાલ સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે — આનંદપુરા
૫૦૦/- પટેલ રઈબેન દશરથભાઈ અમેરિકાના વિઝા નિમિત્તે — સરવઢવ
૧૦૦/- પટેલ નારણભાઈ મોતીરામ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને — ગુલાબપુરા
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ શાંતુભાઈ નવી ગાડી નિમિત્તે — નાંદોલ
૧૦૦/- કા. અશ્વિનભાઈ મોહનલાલ શ્રીજી પ્રસન્નાર્થે — કોઠંબા
૧૦૫/- પટેલ યુવરાજકુમાર કૃણાલકુમાર શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને — બાયડ
૧૦૦/- પંચાલ સરોજબેન સુરેશભાઈ જન્મ દિને — રામપુરાભંકોડા
૧૦૧/- પટેલ વિરાજબેન પ્રવિણભાઈ લગ્ન પ્રસંગે — ડેમાઈ
૧૦૧/- પટેલ પલકબેન નિકુંજકુમાર લગ્ન પ્રસંગે — ડેમાઈ
૨૦૨/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને — અમદાવાદ
૫૦૦/- પટેલ ઘનશ્યામભાઈ ગણેશભાઈ અ.નિ. પટેલ બેચરદાસની પુણ્ય તિથિ નિમિત્તે — વિહાર
૫૦૦/- પટેલ ઘનશ્યામભાઈ ગણેશભાઈ ચિ. સોનુંના જન્મ દિને — વિહાર
૨૦૦/- બારોટ ઘનશ્યામભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ
૨૫૦/- પટેલ વિશાલ હરિકૃષ્ણભાઈ કેનેડામાં પી.આર. થાય તે નિમિત્તે — વિહાર
૨૫૦/- પટેલ નિધિ વિશાલ હરિકૃષ્ણભાઈ કેનેડામાં પી.આર. થયા તે નિમિત્તે — વિહાર
૧૦૧/- મોદી દિપીકાબેન ભૂપેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા
૧૦૧/- પટેલ ધ્રુવિનકુમાર મિતુલભાઈ ત્રીજા જન્મ દિને — રનેલા
૧૦૧/- પટેલ કૃણાલકુમાર ઈશ્વરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રનેલા
૧૦૧/- કા. મધુબેન મણીકાન્ત જન્મ દિને — બાલાસિનોર
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે — સાબરમતી
૧૦૦૧/- પટેલ ધવલકુમાર રમેશભાઈ ગર્વમેન્ટ જોબ મળી તે નિમિત્તે — કલ્યાણપુરા
૧૦૨/- પટેલ મુકેશભાઈ ભોળાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે — ચાંદીસણા
૧૦૦/- પટેલ યુગ કલ્પિતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ગોઠીબ
૨૫૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ ૬૦ વર્ષ પુરા થયા તે નિમિત્તે — આણંદપર-ભાલ
૫૦૧/- અ.નિ. વિઠ્ઠલભાઈ કચરદાસ પટેલ રામનવમી પ્રસંગે — પ્રતાપપુરા
૧૫૧/- સોની ધ્રુવિનભાઈ રાજેન્દ્રભાઈ લગ્ન પ્રસંગે — અમદાવાદ
૧૦૧/- પટેલ અપૂર્વ ભરતકુમાર ભાણા ખુશના જન્મ દિને — નારદીપુર
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ રામનવમી નિમિત્તે — ગરોડીયા
૧૦૦/- વાઘેલા સૂર્યાબા ગણપતસિંહ રામનવમી નિમિત્તે — ગરોડીયા
૧૦૧/- ગાંજાવાલા હર્ષાબેન રામનવમીના જન્મ દિને — અમદાવાદ
૧૦૦/- મોદી લીલાબેન રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- વાઘેલા શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા
૧૦૦/- ચૌધરી યુગ્માબેન તિનીરકુમાર જન્મ દિને — ડેમાઈ
૧૦૦/- પટેલ ધ્વનિબેન વિરેન્દ્રકુમાર જન્મ દિને — ડેમાઈ
૧૦૦/- પટેલ શૈલેન્દ્રકુમાર ડાહ્યાભાઈ નવી દુકાન લીધી તે નિમિત્તે — ડેમાઈ
૧૦૧/- ભાવસાર ઘનશ્યામભાઈ મણીલાલ પુણ્ય તિથિ નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ મંજુલાબેન દિનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — પરઢોલ
૨૦૦/- અ.નિ. માજીકોઠારી આત્મારામ મોહનદાસ પટેલના સ્મરણાર્થે — ગોવિંદપુરા
૧૦૧/- ઝાલા કિરીટસિંહ વાઘુભા કર્મદિપસિંહ કોટા અભ્યાસાર્થે ગયા તે નિમિત્તે — અડવાળ
૧૦૦/- પટેલ મયુરિકાબેન નિલમભાઈ ચિ. સ્નેહાના લગ્ન પ્રસંગે — કરજીસણ
૧૦૦/- અ.નિ. પટેલ ઈશ્વરલાલ અમરશીભાઈના સ્મરણાર્થે — અમદાવાદ
૧૦૧/- સોની તનિષ મેહુલભાઈ જન્મ દિને — અમદાવાદ
૧૦૦/- મોરી પાર્થ અજીતભાઈ કાલીયાણા-જેતલપુર પદયાત્રા નિમિત્તે — કાલીયાણા
૧૦૦/- ગજ્જર પાર્થ નિતિનભાઈ કાલીયાણાથી જેતલપુર પદયાત્રા નિમિત્તે — કાલીયાણા
૧૦૦/- પટેલ મનસુખભાઈ ઠાકરસીભાઈ શ્રીહરિ પ્રાકટ્યોત્સવ પ્રસંગે — અમદાવાદ
૧૦૧/- પટેલ રુવિન પાર્થકુમાર નવી ગાડી લીધી તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- પટેલ મૌલિક દિનેશભાઈ રામનવમી નિમિત્તે — વાગોસણા
૧૦૧/- મોદી રસિકલાલ બાબુલાલ ચિ. પુલકિતના લગ્ન પ્રસંગે — અમદાવાદ

## શ્રી સ્વામિનારાયણ

૨૦૦/- પટેલ જીજ્ઞેશકુમાર રમેશભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે સાપાવાડા
૧૦૦/- પટેલ વિનોદ જે. શ્રીજી પ્રસન્નાર્થે હૈદ્રાબાદ
૧૦૧/- ઉપાધ્યાય નારાયણ દેવેન્દ્રભાઈ હરિ જયંતી નિમિત્તે અમદાવાદ
૧૦૧/- દલાલ જયશ્રીબેન મનોજ જન્મ દિને અમદાવાદ
૨૦૦/- પટેલ રોશનકુમાર કિરણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૧/- પટેલ નટવરભાઈ અંબાલાલ અમેરિકાના વિઝા નિમિત્તે સાબરમતી
૨૦૧/- પટેલ કોકીલાબેન નટવરભાઈ સાબરમતી
અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૨૦૨/- વેગડ ધીરજલાલ માવજીભાઈ નવસારી
ચિ. પુત્રી વૈશાલી અને નિલેશના લગ્ન પ્રસંગે
૧૦૦/- પટેલ ભરતભાઈ સોમાભાઈ વાગોસણા
ગં.સ્વ. ચંચળબેનના અમૃતજીવન પર્વ નિમિત્તે
૧૦૦/- પટેલ મધુબેન ભરતભાઈ પૌત્રી અનાયાના જન્મ દિને વાગોસણા
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ રામનવમી નિમિત્તે સેટેલાઈટ
૧૦૧/- દેસાઈ પરિતા આર. શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે શિકાગો
૫૦૧/- પટેલ સ્નેહલ ચંદુભાઈ મકાન લીધું તે નિમિત્તે ઓસ્ટ્રેલીયા
૧૦૦/- રાણા નિર્મલસિંહ જગતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૧૦૦/- પટેલ કાશીરામ બહેચરદાસ અ.નિ. બહેચરભાઈની વિહાર
ત્રીજી પુણ્ય તિથિ નિમિત્તે
૨૦૦/- પટેલ ગીરીશભાઈ જોઈતાભાઈ નવું મકાન કર્યું તે નિમિત્તે થુરાવાસ
૫૦૦/- પટેલ પ્રકાશભાઈ પરસોતમભાઈ અરોડા
ચિ. પુત્ર ધવલના લગ્ન પ્રસંગે
૧૦૦/- ભાવસાર દેવલ કનુભાઈ તા. ૧-૪-૧૫ જન્મ દિને નવાવાડજ
૨૫૧/- ગજ્જર ગીરીશભાઈ વાઘજીભાઈ અમદાવાદ
નવું મકાન લીધું તે નિમિત્તે
૨૦૦/- પટેલ આત્મારામ મોહનદાસના સ્મરણાર્થે ગોવિંદપુરા વેડા
૧૦૦/- પટેલ દિવ્યા અલ્પેશભાઈ જન્મ દિને
૧૦૦/- પટેલ જસુભાઈ છગનભાઈ જન્મ દિને ધનસુરા
૫૦૦/- શાહ હિરલ આકાશકુમાર જોબ મળી તે નિમિત્તે કેનેડા
૧૦૦/- પટેલ નિતશ રાજેશકુમાર અમદાવાદ
અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૧/- ચૌધરી દશરથભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાલવા
૨૦૦/- પટેલ સ્નેહાબેન જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૧૦૦/- પટેલ મુકેશભાઈ પરસોતમદાસ હનુમાન જયંતી નિમિત્તે દેઉસણા
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૫૦૧/- ડૉ. પ્રણવ અરવિંદકુમાર જાદવ અમદાવાદ
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- અ.નિ. પટેલ માધાભાઈ સોમાભાઈના સ્મરણાર્થે ખેરોલ
૧૦૧/- શુભમ મોબાઈલ-મ્યુઝિક શોપના ઉદ્‌ઘાટન નિમિત્તે ધનસુરા
૧૦૦/- પટેલ પિયુષભાઈ જેશંગભાઈ આકરૂંદ
નવા મકાનના ખાત મુહૂર્ત નિમિત્તે
૧૦૦/- પટેલ મલ્હારકુમાર પિયુષભાઈ જન્મ દિને આકરૂંદ
૧૦૦/- દરજી મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- કા. વિમલકુમાર નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા
૧૦૧/- ટાંક અંકિત બિપીન પાસ થયો તે નિમિત્તે મુંબઈ
૧૦૧/- ટાંક નિમેષ બિપીન નવું કામ ચાલુ કર્યું તે નિમિત્તે મુંબઈ
૧૦૦/- પટેલ રણછોડભાઈ લવજીભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- સિંધવ ભરતભાઈ ગગજીભાઈ નોકરી નિમિત્તે વણી
૧૦૦/- સિંધવ ઘનશ્યામભાઈ ગગજીભાઈ નોકરી નિમિત્તે વણી
૧૦૦/- સિંધવ ધર્મિષ્ઠાબેન ઘનશ્યામભાઈ નોકરી નિમિત્તે વણી
૧૦૦/- પટેલ જયંતીભાઈ રામદાસ ભાણાના જન્મ પ્રસંગે માણસા
૧૦૧/- ગજ્જર તેજ અમિતકુમાર જન્મ દિને અમદાવાદ
૫૦૦/- પટેલ અમરતભાઈ હિરાભાઈ લાલોડા
નોકરીમાંથી નિવૃત-મહાપૂજા અને પુત્રીના જીયાણા નિમિત્તે
૨૫૧/- પટેલ દ્વિતીબેન રિતેષકુમાર ૨૭-૪ જન્મ દિને નરોડા
૧૦૧/- પટેલ મંદાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નવા નરોડા
૧૦૧/- અડાલજા બાબુભાઈ મોહનભાઈ ચિ. શૈલેષના લગ્ન પ્રસંગે રતનપુર
૧૦૧/- કુ. પટેલ ઉન્નતિબેન રાજેન્દ્રભાઈ જન્મ દિને ધનસુરા
૧૦૧/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથભાઈ લગ્ન તિથિ નિમિત્તે અમદાવાદ
૧૫૧/- પરમાર વજુભાઈ જગમાલભાઈ બળોલ
નવું મકાન બનાવ્યું તે નિમિત્તે
૧૫૧/- પરમાર શાંતિભાઈ જગમાલભાઈ બળોલ
નવું મકાન બનાવ્યું તે નિમિત્તે
૧૧૧/- પટેલ અરૂણભાઈ લક્ષ્મણદાસ ચિ. જીગ્નેશના લગ્ન નિમિત્તે સોજા
૨૦૧/- ડાભી મનહરસિંહ લક્ષ્મણસિંહ ચિ. મિનલના લગ્ન પ્રસંગે ડાંગરવા
૧૦૧/- શેલડીયા પિયુષ હિંમતભાઈ વિઝા એસ-૧ નિમિત્તે બાપુનગર
૧૫૧/- ચાવડા ઘનશ્યામભાઈ રણછોડભાઈ બળોલ
વીથ ફેમીલી ન્યુઝિલેન્ડ વિઝા નિમિત્તે
૧૫૧/- ચાવડા હિરેન રણછોડભાઈ બળોલ વાસ્તુ અને યજ્ઞ પ્રસંગે બળોલ
૧૦૦/- મોદી હસમુખભાઈ પ્રહલાદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- મોદી રીટાબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૦/- કીકાણી હરેશભાઈ મગનલાલ જીવરાજપાર્ક
ચિ. સૌરભના લગ્ન નિમિત્તે
૧૦૨/- અ.નિ. પારેખ વસુમતીબેન શાંતિલાલના સ્મરણાર્થે અમદાવાદ
૫૦૦/- અ.નિ. ડબાસીયા નાનબાઈ પરબતના સ્મરણાર્થે સુખપર-લંડન
૨૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાવળા
૧૦૧/- ભાવસાર વિશ્વાસ હરસમુખભાઈ જન્મ દિને અમદાવાદ
૨૦૦/- પટેલ જીનેશ પંકજકુમાર જોબ મળી તે નિમિત્તે ગાંધીનગર
૨૦૧/- ગોહેલ નરસીભાઈ હરિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખોલડીયાદ

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા પાટોત્સવ તિથિમાં ફેરફાર**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારાનો વાર્ષિક પાટોત્સવ જે મહાસુદ-૫ વસંત પંચમીના રોજ થતો હતો જેના બદલે હવે દર વર્ષે **કારતક સુદ-૭ ના પાટોત્સવ** ઉજવાશે. જેની સૌ સત્સંગ સમાજે નોંધ લેવી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

**અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ**

**દેઉસણા :** પ.ભ. મથુરભાઈ શિવદાસ પટેલ તા. ૨-૨-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ-જૂના વાડજ :** પ.ભ. ઈશ્વરલાલ અમરશીભાઈ પિત્રોડા તા. ૨૫-૨-૨૦૧૫ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ઉનાવા :** પ.ભ. કિરીટભાઈ લાલભાઈ પટેલ તા. ૭-૩-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**દેઉસણા :** પ.ભ. ભીખાભાઈ જીવીદાસ પટેલ તા. ૭-૩-૨૦૧૫ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** ગં.સ્વ. વસુમતીબેન શાંતિલાલ પારેખ તા. ૧૫-૩-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. ગોપાલકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી (પેટલાદવાળા) (પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા વ્રત-ઉત્સવનો નિર્ણય તૈયાર કરનાર) તા. ૨૩-૩-૨૦૧૫ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ટ્રેન્ટ (તા. વિરમગામ) :** બાલુબેન વેણીરામ પટેલ (શિહોરા) તા. ૨૩-૩-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લંડન :** ડભાસીયા નાનબાઈ પરબત (સુખપરકચ્છવાળા) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કલિવલેન્ડ (અમેરિકા) :** આપણા ઈન્ટરનેશનલ સ્વામિનારાયણ સત્સંગ ઓર્ગેનાઈઝેશનના વાઈસ પ્રેસિડેન્ટ દેવ-આચાર્યશ્રીના નિષ્ઠાવાન સક્રિય કાર્યકર પ.ભ. પ્રકાશભાઈ ભલાભાઈ પટેલ (બારેજાવાળા) તા. ૧૯-૪-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અમેરિકામાં અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી અમેરિકા આઈ.એસ.એસ.ઓ. સત્સંગને ન પૂરાય તેવી ખોટ પડી છે. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ તેમના પરિવારને શ્રીહરિ ધૈર્ય અને બળ આપે અને તેમને અક્ષરધામના ધામે સુખિયા કરે તેવી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



૧. શિકાગો મંદિરમાં સમૂહ મહાપૂજામાં લાભ લેતા ભક્તો. ૨. ડીટ્રોઈટ મંદિરમાં શ્રી હરિ પ્રાકટ્યોત્સવ દિનના દર્શન. ૩.કોલોનિયા માં સ્થાનિક અમેરિકન હરિભક્તને પ્રસાદી આપતા પૂ. પી.પી. સ્વામી.૪.સીડની (ISSO) મંદિરના દશાબ્દી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીને અન્નકૂટના દર્શન, સભામાં, શોભાયાત્રામાં  તથા ઠાકોરજીનો અભિષેક કરતાં પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજ, રસોઈ ઘરમાં ઢોંસા બનાવવાની હળવી રમૂજ કરતાં પ.પૂ. મહારાજશ્રી, બહેનો સાથે પ.પૂ.શ્રી રાજા અને યુવક મંડળ સાથે પ.પૂ. મહારાજશ્રી તથા પૂ. લાલજી મહારાજના દર્શન.૫. પંચવટી કલોલ નવનિર્મિત શિખરબધ્ધ મંદિરનું ચાલતું નિર્માણ કાર્ય. ૬. જેતલપુર અક્ષર ફૂલવાડી ખાતે આનંદાનંદ સ્વામી અને ગંગા બા સ્મૃતિ ભવન (સૂચિત)

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017



ધરિયાવદ (રાજસ્થાન)શ્રી સ્વામિનારાયણ મંદિરના
દશાબ્દી મહોત્સવ પ્રસંગની તસવીરો









